# સ્ટ્રીટ થીએટર

[નાટ્ય ભજવણી અને નાટ્ય શીબીરોના કેટલાક અનુભવો]

•

: લેખન :

હીરેન ગાંધી

•

: પ્રકાશન :

દર્શન

અમદાવાદ

**STREET THEATRE**

by Hiren Gandhi.

©'દર્શન'

**આવૃત્તી- 1**

**વર્ષ** : 2013

**નકલ** : 750

**સહયોગ રાશી** : Rs. 50.00

**આવરણ અને ડીઝાઈન્સ** : કસ્તુરી ગ્રાફીક્સ

**કોમ્પ્યુટર ટાઈપ સેટીંગ** : કે. શ્રીનીવાસ

**લે-આઉટ** : ઈશ્વરભાઈ પ્રજાપતી

**મુદ્રક** : સત્યમ્ પ્રીન્ટ,

(PH) 2658 5012

**પ્રકાશક-વિતરક:** **'દર્શન'**, 19-બી, વીશ્વનગર સોસાયટી,
વીશ્વકર્મા સોસાયટીની બાજુમાં, જીવરાજ પાર્ક,
અમદાવાદ-380 051

**ફોન નંબર** : 079-26620484

**ઈ-મેઈલ** : darshan.org@gmail.com

# અનુક્રમણીકા

| | | |
|---|---|---|
| • | **લેખકનું નીવેદન** | 1 |
| **વીભાગ - 1** | **નાટક ભજવણીના અનુભવો** | 6 |
| અનુભવ -1 | "ઠે'ઠ ભોપાલનું નાટક કરો સો તે... | 6 |
| અનુભવ- 2 | "બંધ કરો આ બધા ભવાડા" | 10 |
| અનુભવ -3 | અંધેરી નગરીમાં ફુટી નીકળ્યો જનઆક્રોશ | 12 |
| અનુભવ -4 | "તમારું નાટક રાહત છાવણીઓમાં .... | 15 |
| અનુભવ -5 | "હમારે મઝહબ મેં મના હૈ" | 24 |
| અનુભવ -6 | અને શેરીમાં ભજવાતું નાટક શાળા-કોલેજોમાં ... | 26 |
| અનુભવ - 7 | એ કૌમની વીદ્યાર્થીનીઓ અવીરત .... | 31 |
| અનુભવ - 8 | "અમે થોડી કાપકુપ અને ફેરફારો **....** | 34 |
| | **સંદર્ભ નોંધો** | 39 |
| **વીભાગ - 2** | **નાટ્ય શીબીરોના અનુભવો** | 46 |
| અનુભવ -1 | "સરજી, હમેં નાટક તો કરને હૈં પર...." | 46 |
| અનુભવ -2 | "તુમારી બહુ કે બચ્ચે કી મુંહદીખાઇ..." | 50 |
| અનુભવ -3 | અંધારીયા મલકમાં ઉજાસની માવલી | 53 |
| અનુભવ -4 | એ જીદ શાને માટે હતી ? નાટક કે મુક્તી ? | 59 |
| અનુભવ -5 | સલામ ! સલામ ! સલામ ! કે બીજું કાંઈ?! | 64 |
| અનુભવ -6 | શહેરી ગરીબો-શ્રમીકો અને વીકાસની આંધી | 68 |
| અનુભવ -7 | સંસ્કૃતીની રાજનીતી, રાજનીતીની સંસ્કૃતી ! | 71 |
| અનુભવ -8 | પણ અમારા ગામમાં તો.... | 73 |

**આ પુસ્તીકા માટે અમે આભારી છીએ**

1. અમન સમુદાય
2. લોક અધીકાર મંચ
3. ઈસુસંઘ (ગુજરાત)
4. સંચેતના
5. પ્રયત્ન સંસ્થા (ધૌલપુર શાખા)
6. જાગ્રત (સેન્ટ ઝેવીયર્સ કૉલેજ-અમદાવાદ)
7. ડેકુ –ઈસરો
8. મત્સ્ય-મેવાત શીક્ષા એવમ વીકાસ સંસ્થાન (અલવર-રાજસ્થાન)
9. લોક અધીકાર સંઘ
10. લોક કલા મંચ (મુલ્લાપુર-પંજાબ)

- **આ પુસ્તીકા માટે આર્થીક સહયોગ**

  Mensen met een Missie (હેગ - નૅધરલેન્ડ)

સ્ટ્રીટ થીએટર

**લેખકનું નીવેદન**

# સામા પ્રવાહે....

શ્રમીકો - શોષીતોની સાથે અને એમને માટે કરેલ થીએટરની અમારી સફર દરમીયાનના કેટલાક નોંધપાત્ર અનુભવો આ પુસ્તીકા દ્વારા આપની સાથે 'શૅર' કરી રહ્યો છું. છેલ્લાં ત્રીસ વર્ષની આ સફરે અમને ઘણું ઘણું શીખવ્યું છે; થીએટર વીશે પણ અને જીવન તથા સમાજ વીશે પણ. સામે ચાલીને જ્યારે થીએટર નીમીત્તે શ્રમીકો - શોષીતોની વચ્ચે જઇને એમની જીંદગી તથા એમની અંદર રહેલા થીએટરમાં ડોકીયું કરીએ છીએ ત્યારે એક જુદી જ દુનીયાના દર્શન થાય છે. આપણા જેવા મધ્યમવર્ગીઓના મનમાં સ્થાપીત થયેલ થીએટર વીશેના ખ્યાલો કરતાં એમની અંદરથી વ્યક્ત થતું થીએટર તદ્દન અલગ જ સ્વરુપનું હોય છે. એમનું થીએટર એમના જીવનના અનુભવોમાંથી નીપજેલું હોય છે. એને તખ્તા પર કે ખુલ્લા મંચ ઉપર રજુ કરવું કે એમની પાસે કરાવવું એ આપણા માટે અત્યંત કપરો પડકાર બની રહે છે.

અને એટલે જ ખભે થીએટરનો ઝોળો ભરાવી અમે અવીરતપણે આદરેલી એ સફર અત્યંત રોમાંચક અને વીસ્મયકારક રહી છે. અમારી આ સફરમાં સેંકડો શ્રમીકો - શોષીતોની જીંદગીની અને થીએટરની સફરો ભળતી રહી છે. એ દષ્ટીએ અહીં રજુ કરેલ અનુભવો માત્ર મારા અને બીરાદર સાથી સરુપ ધ્રુવના જ નથી, એ શ્રમીકો - શોષીતોના પણ છે.

પસંદ કરેલ અનુભવોને અહીં બે વીભાગમાં વીભાજીત કર્યા છે. પહેલા વીભાગમાં શ્રમીકો - શોષીતો સાથે અને માટે, ખુલ્લા મંચ ઉપર ભજવેલાં નાટકો દરમીયાન થયેલ કેટલાક અનુભવો નોંધ્યા છે અને બીજા વીભાગમાં એમની સાથે થયેલ નાટ્ય તાલીમ શીબીરોની પ્રક્રીયાઓ દરમીયાનના અનુભવો મુકેલ છે. પહેલા

વીભાગમાં જે તે નાટકના ફોટોગ્રાફ્સ પણ મુક્યા છે. જો કે તમામ નાટકના ફોટોગ્રાફ્સ પ્રાપ્ય નથી થઇ શક્યા.

મારે અહીં એ સ્પષ્ટતા પણ કરવી જોઇએ કે, રજુ કરેલ તમામ અનુભવો સ્મૃતીના આધારે લખ્યા છે એથી એમાં કોઇ નાની - મોટી વીગતોમાં કદાચ ભુલો પણ રહી ગઇ હશે.

આ પુસ્તીકા મારી દષ્ટીએ અમારી સાંસ્કૃતીક સફરનો અહેવાલ નથી, એ સફરના કેટલાક અનુભવોનો દસ્તાવેજ છે. આ દસ્તાવેજ આપની અને સમાજ સાથે 'શૅર' કરવાનો મુખ્ય હેતુ - થીએટર અને સમાજના શ્રમીકો - શોષીતો વચ્ચેના સંબંધોને તપાસવાનો છે. ઉપરાંત, એ વર્ગ અને સમુદાયોએ અમને શીખવેલ થીએટર અને સમાજ તથા એમની જીંદગી વીશેના ખ્યાલોને સમાજ સામે વ્યક્ત કરવાનો છે. વળી જે બીરાદરો, સાથીઓ, રંગકર્મીઓ અને પરીવર્તનકામીઓ થીએટરના માધ્યમ વડે સમાજના આ પ્રકારના સાથીઓ સુધી પહોંચવા માંગે છે, એમને થોડું ઉપયોગી ભાથું મળી રહેવાનો સંભવ પણ છે. અમારી જેમ આ પ્રકારના થીએટરની આટલી લાંબી અને સાતત્યપુર્ણ સફર દેશમાં ખુબ ઓછાં સાથીઓએ ખેડી છે. અને એમનામાંથીયે ગણ્યાંગાંઠ્યાં સાથીઓએ એ સફરના અનુભવો સમાજ સમક્ષ મુક્યા છે. આવા અનુભવો થીએટરને નવાં જ પરીમાણો આપનારા પુરવાર થાય છે. એ થીએટરને સમાજના 'ભદ્રવર્ગ' પુરતું સીમીત રાખવાને બદલે એને 'શ્રમીક વર્ગ' ભણી સાર્થક રીતે દોરી જઇ શકે છે. એ રીતે થીએટરની વ્યાપકતા અને સ્વીકૃતી - બંને વધે છે અને એની પરીભાષા પણ વધુ અર્થપુર્ણ બનતી જાય છે.

આજના સમયમાં આપણે જોઇએ છીએ, અનુભવીએ છીએ કે, સમાજમાં મનોરંજન માટેનાં સાધનો રોજેરોજ નવી ટેકનીક્સ અને રુપ-રંગ સાથે ઠલવાઇ રહ્યાં છે. એ સસ્તાં અને હાથવગાં થઇ રહ્યાં છે, ત્યારે કેવળ મનોરંજન માટે થીએટર સુધી જવાની પસંદગી સમાજમાં ઘટી રહી છે. સમાજની હવે થીએટર પાસેની અપેક્ષાઓ બદલાઇ રહી છે. એ મનોરંજનને બદલે અલગ પ્રકારની





અનુભુતીઓની અપેક્ષા થીએટર પાસે રાખે છે. આ પડકાર આપણે થીએટરકર્મીઓ, અભ્યાસુઓ અને ચાહકોએ ઝીલવાનો છે. આ દષ્ટીએ થીએટર માટે આ સમય સંક્રાંતીનો છે. એવું નથી કે, થીએટર માટે આ કોઇ નવો પડકાર છે. કેમ કે, એના ઉદ્‌ભવકાળથી આજ સુધીની એની સફર દરમીયાન એ યુગે યુગે સંક્રાંત થતું જ રહ્યું છે, વીકસતું રહ્યું છે અને માનવીની જીંદગીની નજીક ને નજીક આવતું રહ્યું છે. પણ એની સંક્રાંતીને દીશા આપવાનો પડકાર આપણે પાર પાડવાનો છે.

માનવીની પહેલી અભીવ્યક્તી અને ભાષા તરીકે અસ્તીત્વમાં આવેલું થીએટર આજે હજારો વર્ષ પછી પણ સમાજના શોષીત - પીડીત - મુંગા વર્ગની સાર્થક 'ભાષા' ન બની શક્યું હોય તો એમાં દોષ થીએટરનો નથી, આપણો છે, સમાજનો છે. વળી અમારી થીએટરની આ સફરે અમને એ પણ ખાતરી કરાવી છે કે, સમાજનાં શોષીતોને થીએટરની આવશ્યકતા પણ છે અને એમની પાસે એના વીશેની સુઝ પણ છે. સવાલ માત્ર થીએટરને એમના સુધી પહોંચાડવાનો અને એ એમનું પોતીકું બને, એમને પોતીકું લાગે એ રીતે વીકસવવાનો છે. જો એમ થશે તો જ થીએટર સમાજમાં વ્યાપ્ત વર્ગીય ભેદો અને પુર્વગ્રહોથી મુકત થશે અને માનવીમાત્રની 'ભાષા' બની શકશે. જો એમ થશે તો સમાજની થીએટરની સાથે સાથે તમામ કલા અને સાહીત્યસ્વરુપો વીશેની કલાદષ્ટી અને સૌંદર્યલક્ષી દષ્ટીમાં પણ ક્રાંતીકારી પરીવર્તનો આવશે. આપણે જાણીએ છીએ કે, થીએટર પાસે એ ક્ષમતા છે. એણે આજ સુધીમાં સમાજમાં આવાં ઘણાં પરીવર્તનો અને સામાજીક - સાંસ્કૃતીક ક્રાંતીઓ સાકાર કરવામાં મહત્વપુર્ણ ભુમીકા અદા કરી જ છે.

અમારી થીએટર સાથેની આ સાંસ્કૃતીક સફરને શ્રમીકો, શોષીતો, બીરાદરો, કર્મશીલો, પરીવર્તનકામી સંસ્થા - સંગઠનોની સાથે સાથે છેલ્લાં પચીસેક વર્ષથી આપણી સાંસ્કૃતીક - રાજનૈતીક જમીન પર વધતા જતા પ્રત્યાઘાતી અને વીભાજનકારી સાંસ્કૃતીક - રાજનૈતીક પ્રભાવોએ પણ ઘડી છે. અને એટલે જ એમાં તાર્કીકતા પણ છે અને ભાવુકતા પણ. સવાલો પણ છે અને જવાબો પણ.

સવાલો વધારે તાર્કીક છે અને જવાબો વધારે ભાવુક. અલબત્ત, માનવસમાજ માટે કોઇપણ પ્રકારની પ્રગતી ત્યારે જ શક્ય બને છે, જ્યારે તેમાં તાર્કીકતા અને ભાવુકતા વચ્ચેના વીરોધાભાસો મોજુદ હોય. એ વીરોધાભાસો વચ્ચેનાં ઘર્ષણો (દ્વંદ્વ) પણ મોજુદ હોય. પણ એ દ્વંદ્વ છેવટે સમાજને પ્રગતીશીલ મુલ્યો, વલણો ભણી દોરી જનાર પુરવાર થવું જોઇએ, પ્રત્યાઘાતી અને વીભાજનકારક મુલ્યો - વલણો તરફ દોરી જનાર નહીં. પરંતુ આજે આપણે જોઇ રહ્યાં છીએ કે, છેલ્લાં પચીસેક વર્ષમાં પ્રત્યાઘાતી અને વીભાજનકારી સાંસ્કૃતીક - રાજનૈતીક મુલ્યો - વલણોની જડ આપણા સમાજમાં વધુને વધુ ઉંડી ઉતરી રહી છે, એનો પ્રભાવ અને વર્ચસ્વ શ્રમીકો, શોષીતો ઉપર પણ પોતાની પકડ જમાવી ચુક્યાં છે.

આ પડકાર છે - થીએટર સામે, કલા-સાહીત્ય સામે. કેમ કે, એ જ સમાજનાં, સંસ્કૃતી નીર્માણનાં સાધનો છે, શસ્ત્રો છે. પરંતુ શું આજના આપણાં કલાકારો, સાહીત્યકારો, સાંસ્કૃતીક કર્મશીલો એ પડકાર ઝીલી રહ્યાં છે? કે પછી, એ લોકો પણ પ્રત્યાઘાતી - વીભાજનકારી મુલ્યો - વલણોના વર્ચસ્વ નીચે આવી રહ્યાં છે? હકીકત આપણી આંખો સામે છે. એમનાંમાંનાં મુઠ્ઠીભર અપવાદોને બાદ કરતાં, મોટાભાગનાં એ મુલ્યો-વલણોને માત્ર પોષી જ નથી રહ્યાં, પોતાની કલા અને સાહીત્ય દ્વારા એને સતત ગતી અને દીશાઓ પણ આપી રહ્યાં છે.

આ એક બીજો પડકાર છે. અને એને પાર પાડવો વધારે વીકટ છે. કેમ કે, એ આપણી પોતાની સામે છે, આપણી પોતાની જાત સામે છે. અમારી થીએટર સાથેની સાંસ્કૃતીક સફરનો આ આંશીક અને નાનકડો દસ્તાવેજ આપની સમક્ષ મુકતી વખતે, હું મારી જાતને પ્રગતીશીલ મુલ્યો, વલણોની અદાલત વચ્ચે કઠેડામાં ખડી કરી રહ્યો છું.

અદાલતનો નીર્ણય જે આવે તે સર-માથા પર. પણ અમારી સાંસ્કૃતીક સફર તો અવીરત ચાલતી જ રહેશે.

**હીરેન ગાંધી**

[20 નવેમ્બર, 2013]





★ આ પુસ્તીકાનું લખાણ ઉંઝા પરીષદે ઠરાવેલ જોડણી પ્રમાણે પ્રકાશીત કર્યું છે. એટલે કે, વાંચવા-લખવામાં સરળ પડે એ માટે ઉંઝા પરીષદે ઠરાવ્યા મુજબ લીપીમાં એક ‘ઈ’(દીર્ઘ ઈ) અને એક ‘ઉ’ (હ્રસ્વ ઉ) નો જ ઉપયોગ કરવો.

# વીભાગ : 1

# નાટક ભજવણીના અનુભવો

### અનુભવ – 1

### “ઠે’ઠ ભોપાલનું નાટક કરો સો તે... આંય મીલો બંધ પડવા મોંડી સે.... ઇનું નાટક કરોનં....”

વર્ષ 1985 – ડીસેમ્બરની ત્રીજી તારીખ. સવારના અગીયારેકનો સુમાર. પુર્વ અમદાવાદનો કામદાર વીસ્તાર. સરસપુરનો એક મીલ કામદારોનો મહોલ્લો. મહોલ્લા વચ્ચેનો નાનકડો ખુલ્લો ચોક. ચોકની વચ્ચોવચ અમે. ઝભ્ભા-લેંઘા/ પાયજામા-ઝભ્ભા અને ગળે /કમ્મરે કાળા દુપટ્ટા સાથે. એકના હાથમાં ડફલી; એકના ગળે દોરીથી ભરાવેલી ઢોલકી. ઢોલકી-ડફલીની તાલબધ્ધ બુલંદ ગુંજ. અમારી સામે પીપુડીઓ વગાડતાં, ખીલખીલાટ હસતાં, રમતાં, નાચતાં, લડતાં, ઝઘડતાં વર્તુળાકારે ગોઠવાતાં કામદાર ભુલકાં. થોડે દુર બે-ચાર, બે-ચારનાં ઝુમખાંમાં ઉભાં રહી નાટક શરુ થવાની રાહ જોતાં કીશોર-કીશોરીઓ. થોડા બેરોજગાર યુવકો, ચોતરફની પરસાળો પર બેઠેલાં વૃધ્ધો-વૃધ્ધાઓ અને એ જ પરસાળોમાં ઘુમટો તાણીને કે દુપટ્ટો માથે ઓઢીને ઉભેલી જુવાન કામદાર બેનો, દીકરીઓ, વહુઓ.

અમારા તાલબધ્ધ તાળી વગાડતા હાથ, થીરકતા પગ, આંખો અને ચહેરા પર





ભરચક રોમાંચનો ભાવ, અમારાં ગળાંમાંથી ખુલ્લા સ્વરે ગવાતું ગીત....

“રોકો, રોકો, સર્વનાશને, ખુની અત્યાચારને રોકો!

ગુંગળાવતા, ગળાં દાબતા, ગોઝારા વેપારને રોકો!....”

અમે સૌ શરુ કરી રહ્યાં હતાં, અમારી જીંદગીની શેરીનાટકની સફર. નાટકનું નામ હતું ‘જીવતરના વેપારને રોકો’. નાટકનો મુદ્દો હતો - ભોપાલ ગેસકાંડ. પ્રસંગ હતો ભોપાલ ગેસકાંડની વરસી નીમીત્તે દેશભરમાં મનાવાઇ રહેલ ‘જાગૃતી સપ્તાહ’નો.

1984ની બીજી ડીસેમ્બરની મધ્યરાત્રીએ ભોપાલ સ્થીત અમેરીકન કંપની ‘યુનીયન કાર્બાઈડે’ સર્જેલો ગેસકાંડ. એ કંપનીના કારખાનામાંથી ગળેલા ઝેરી ગેસે સર્જેલી એક વીઘાતક ટ્રેજેડી. જેણે હજારો ગરીબો-કામદારોની જીંદગી ઝુંટવી લીધી, લાખોને અપંગ બનાવી દીધાં. હજારો અસરગ્રસ્તોની પેઢીઓની પેઢીઓનું ભાવી ધુંધળું બનાવી દીધું.

આજે 2013માં આ હકીકતને આપણે ભોપાલમાં નજરોનજર જોઇ શકીએ છીએ. મોતના વાંકે જીવતી, ખોડખાંપણવાળી અસરગ્રસ્તોની બીજી-ત્રીજી પેઢી. આજે પણ ભોપાલનાં ગેસ પીડીતોને ન્યાય અપાવવા સંઘર્ષ કરતાં સંગઠનો, સંસ્થાઓને. આઝાદી પછીની સૌથી મોટી અને સૌથી વીનાશક આ ઔદ્યોગીક હોનારતના સુત્રધાર વૉરન એન્ડરસન સામે આજેય ભારતની સર્વોચ્ચ અદાલતનું વોરંટ હવામાં અધ્ધર ઝુલી રહ્યું છે; કેમ કે, તે સરકારની કહેવાતી સરતચુકના કારણે, પણ વાસ્તવમાં સરકાર અને સરકારી તંત્ર સાથેની સાંઠગાંઠને કારણે રાતોરાત સ્વદેશ પરત પહોંચી ગયો હતો.

1985માં દેશભરમાં ઉજવાઇ રહેલ ‘જાગૃતી સપ્તાહ’નો હેતુ એ જ હતો કે, કામદારો, શ્રમીકો ઔદ્યોગીક હોનારતોના આ ભાવી વીશે જાગ્રત થાય., સંગઠીત થઇને ભોપાલનાં ગેસપીડીતોને ન્યાય અપાવવા જંગ છેડે; દેશની સરકારને બહુરાષ્ટ્રીય કંપનીઓને આવકારવા સામે લાલબત્તી ધરે. ઔદ્યોગીક એકમોને

જવાબદાર બનાવવાની કવાયતો કરે અને કરાવે.

પણ તે દીવસે, સરસપુરના કામદાર મહોલ્લામાં આખુંયે નાટક ભજવી લીધાં પછી, કામદારઆલમની સાચી વાસ્તવીકતાનો અમને જે અનુભવ થયો એણે અમારા મધ્યમવર્ગીય માનસને ઉલટસુલટ કરી નાખ્યું. મજદુર ક્રાંતીનાં સપનાંમાં વીહરતી અમારી આંખો સામે વાસ્તવીકતાની દીવાલો ઉજાગર કરાવવા માંડી.

અમારા સાંસ્કૃતીક-રાજનૈતીક જુથ 'સંવેદન નાટ્ય સંકુલ'[1]ની સફર અગાઉના વર્ષે જ શરુ થયેલી. શેરીનાટક ભજવવાનો આ પ્હેલેવ્હેલ્લો અનુભવ હતો. અમે નાટક પુરું થયા પછી, પ્રેક્ષકો પાસે ભોપાલ ગેસ પીડીતો માટે ઝોળી ફેલાવવા માંડ્યાં. નાટક વીશે ચર્ચા શરુ કરી. થોડીવાર તો સન્નાટો રહ્યો. પછી દુરના વરંડામાં થાંભલે હાથ મુકી, બીજા હાથે તાણેલો ઘુમટો પકડીને ઉભેલી જુવાન કામદાર બેને જોરથી અમને ટોણો માર્યો, "ભોપાલનું નાટક કરો સો તે... આંય મીલો બંધ પડવા મોંડી સે... ઈનું નાટક કરો નં..."

સન્નાટો વધુ ઘેરો બન્યો. મોટાભાગનાં પ્રેક્ષકોના ચ્હેરા પર એ બેનની વાતને મળતું સમર્થન ડોકાતું હતું. અમારા સ્થાનીક આયોજક સાથીઓ, જેમાંના મોટાભાગનાં ટ્રેડ યુનીયન કાર્યકર્તા હતા તેઓ, એ બેનની પાસે જઈને અમારા કાર્યક્રમનો હેતુ સમજાવવા માંડ્યા, એની સાથે ચર્ચા કરવાની મથામણો કરવા માંડ્યા. પણ વ્યર્થ. એ બેન તો ચુપચાપ! સ્થીતપ્રજ્ઞ!

ચ્હેરા પર ઢંકાયેલા ઘુમટાને કારણે એના ભાવો જોઈ નહોતા શકાતા, પણ કળી જરુર શકાતા હતા. એમાં વેદના, આક્રોશ અને અસલામત ભાવીની એંધાણી બધું જ હતું. જાણે કે એની વેધક આંખો અમને હચમચાવી રહી હતી, ઝંઝોડી રહી હતી, પુછી રહી હતી,

"મેં કાંઈ ખોટું કીધું...?"

અમે નીરુત્તર હતાં. પણ અમારી અંદર વાવાઝોડું ફુંકાયું હતું. શેરીનાટક ભજવવાનો અમારો રોમાંચ, ઉત્સાહ, આંધી વચ્ચે ધરાશયી થતાં વૃક્ષો, મકાનોની





જેમ મુળસોતો ઉખડીને ફંગોળાઈ રહ્યો હતો.

અમે મહોલ્લામાં ગોઠવેલું ભોપાલ ગેસ પીડીતોની સ્થીતી બયાન કરતું, એમના ન્યાય માટે પોકાર કરતાં પોસ્ટર્સ, ફોટોગ્રાફનું પ્રદર્શન અને નાટક વીશેની ચર્ચા સમેટી મહોલ્લામાંથી બહાર આવ્યાં. થોડે દુરની ચાની કીટલીની આસપાસ ગોઠવાયાં. થોડાં સાથીઓ ક્ષુબ્ધ હતાં તો થોડાં પેલા બેનના ટોણા વીશે ચર્ચા કરતાં હતાં.

અચાનક મનમાં ઝબકારો થયો.

"સાચું કીધું બેન, સાવ સાચ્ચું. છેક તારા ઘર આંગણે આવી, તારી આંખમાં આંખ પરોવી તને નાટક બતાવીએ... અને એમાં તારી જીંદગીને આંધળીભીંત કરી દેનારી વાતનો ઉલ્લેખ પણ ના હોય... તો તો તું ટોણો મારે જ ને..."

બસ, એ ટોણાએ અમને સમજાવી દીધો, શેરીનાટકનો સાચો મતલબ. ચીંધી દીધો શેરીનાટકની સાર્થક ભજવણીનો રસ્તો.

મનોમન બોલાઈ ગયું.

"આભાર બેન, તારો. ભોપાલનાં ગેસપીડીતોની પીડા તારા ચીત્ત સુધી નથી પહોંચી, એમાં વાંક તારો નથી, અમારો છે, અમારાં પુર્વજોનો છે. અમે હાથમાં ક્રાંતીની મશાલ લઈને સભા, સરઘસો, રેલીઓ તો કાઢીએ છીએ, પણ તારા ચીત્તના અંધકાર લગી એના અજવાસને નથી પહોંચાડતાં.

## અનુભવ-2

### "બંધ કરો આ બધા ભવાડા"

'ભોપાલ ગેસકાંડ'ની વરસી નીમીત્તેના જાગૃતી સપ્તાહનો છેલ્લો દીવસ. એ સપ્તાહનો પ્રારંભ અમે 2 ડીસેમ્બરની મધ્યરાત્રીએ, રાત્રે બાર વાગે અમદાવાદના ભદ્ર વીસ્તારમાં નાનકડી રેલી અને ત્રણ દરવાજા સામેના ખુલ્લા ચોકમાં ઠંડીમાં ઠુંઠવાતાં સુતેલાં ગરીબો અને બેઘર લોકોને જગાડીને એમની વચ્ચે નાટક ભજવીને કરેલો. એમને નાટક ખુબ ગમેલું. આ તારીખ અને સમય પસંદગી ભોપાલ ગેસકાંડની તારીખ અને અંદાજીત સમયના આધારે કરેલી.

અને એથી જ અમે સપ્તાહની પુર્ણાહુતી 9 ડીસેમ્બરની મધ્યરાત્રીએ કરવાનું આયોજન કરેલું. સ્થળ હતું - પશ્ચીમ અમદાવાદનું ઝળહળતું, ધમધમતું લૉ - ગાર્ડનનું રાત્રીબજાર, ખાણીપીણી બજાર. તે સમયે હાલનો 'ઠાકોરભાઈ દેસાઈ' હોલ નીર્માણાધીન હતો. તેથી તેની કમ્પાઉન્ડ વૉલની બહાર ગોઠવાયેલાં બે આઈસ્ક્રીમ પાર્લરની વચ્ચે પ્રદર્શન ગોઠવી અમે નાટક માટે જરુરી 'સ્પેસ' તૈયાર કરી દીધી. સપ્તાહનો અંતીમ દીવસ હોવાથી લગભગ તમામ આયોજક સાથીઓ પણ સાથે જ હતાં.

નાટક શરુ થયું. રાત્રી બજારની ભીડ એકઠી થઈ અને રસપુર્વક જોવા માંડી. લગભગ અડધા નાટક સુધી તો બધુ સમેસુતરું ચાલ્યું. અચાનક બે આઈસ્ક્રીમ પાર્લરની વચ્ચે દોરીઓ પર લટકાવેલું પોસ્ટર અને ફોટો પ્રદર્શન નીચે પડ્યું. અમે નાટક ચાલુ જ રાખ્યું. ત્રણ-ચાર આયોજક બેનો પ્રદર્શન ફરીથી લટકાવવા ગઈ અને અચાનક બોલાચાલી શરુ થઈ. હજુ અમે કાંઈ સમજીએ એ પહેલાં તો બંને પાર્લરના યુવાન માલીકોએ અમારી સાથી બેનોને ગંદી ગાળો દેવા માંડી અને ઘાંટા પાડીને કહેવા લાગ્યાઃ

''બંધ કરો આ બધા ભવાડા''.





બેનો અને અન્ય આયોજકોએ પણ ઉગ્ર વીરોધ શરુ કર્યો. અમે નાટક અટકાવ્યું. મામલો બીચકવા માંડ્યો ત્યાં જ પોલીસ આવી ગઈ. પોલીસે મામલો થાળે પાડવાને બદલે અમને કહ્યું, ''બંધ કરો નાટક અને લઈ જાવ આ પ્રદર્શન''. અમે હવે પોલીસોની સાથે ચર્ચા શરુ કરી. એકઠી થયેલી ભીડ વીખેરાવા લાગી. પ્રદર્શન ફરી ગોઠવવા ગયેલી અને ગાળોથી અપમાનીત થયેલ બેનો ખુબ જ આક્રોશમાં હતી. અમને થયું, નજીકના પોલીસ સ્ટેશનમાં જઈ ફરીયાદ નોંધાવીએ. અમારી ચર્ચા ચાલતી હતી ત્યારે એક પોલીસવાળાએ અમારી નજીક આવીને કહ્યું, ''તમારી ફરીયાદ કોઈ નહીં લે. તમને ખબર છે, આ બંને પાર્લરવાળાઓ માજી પ્રધાન અને હાલના ધારાસભ્યના સગા ભત્રીજાઓ છે''!

અમને તાળો મળી ગયો. લગભગ અડધા નાટક સુધી કોઈ વીક્ષેપ ન પાડનાર અને પ્રદર્શનની ગોઠવણી દરમીયાન પણ કોઈ વાંધો ન ઉઠાવનાર પાર્લર માલીકો એકાએક કેમ એમની અસલ મધ્યવર્ગી જાત ઉપર આવી ગયા. નાટકમાં પ્રદર્શન પડવાના (અથવા તો પાડવાના) પ્રસંગે ઉદ્યોગપતીઓ અને રાજનેતાઓ વચ્ચેની સાંઠગાંઠનો પ્રસંગ ચાલતો હતો.

અમે નાટક અને પ્રદર્શન ત્યાંથી સમેટી લઈ સામે આવેલી લૉ-કોલેજના બંધ દરવાજા પાસે બધું ગોઠવીને ફરી નવેસરથી ભજવવું શરું કર્યું. ફરીથી પ્રેક્ષકો એકઠા થવા માંડ્યાં. પોલીસ પણ ઉભી ઉભી જોતી રહી.

પહેલા જ શેરીનાટકની અંતીમ રજુઆતે, અમને સરસપુરના મજદુર મહોલ્લાની બેને કરાવેલ પહેલા અનુભવ કરતાં તદ્દન ઉલટો જ અનુભવ કરાવ્યો. અલબત્ત, એ બંને અનુભવોમાં એક સમાનતા જરુર હતી. પેલી મજદુર બેન માટે બંધ પડતી મીલોને કારણે એની જીંદગી અને એના વર્ગના ભાવીના અંધકારમય ભાવીનો સવાલ સળગતો હતો. અને આ વેપારીઓ માટે રાજનીતી અને બજાર-ઉદ્યોગો વચ્ચેની સાંઠગાંઠ જનતા સમક્ષ ખુલ્લી પડવાનો સવાલ સળગતો હતો.

એ બેનના ટોણામાં પીડા હતી અને આ વેપારીઓની ગાળાગાળીમાં ડર.

## અનુભવ -3

### અંધેરી નગરીમાં ફુટી નીકળ્યો જનઆક્રોશ

2001નો જુન કે જુલાઇ મહીનો. વર્ષની શરુઆતમાં આખાયે કચ્છને લગભગ મૃતપ્રાય : કરી દેનાર અને સૌરાષ્ટ્રનાં કેટલાક વીસ્તારોને અધમુઆ કરી નાંખનાર વીનાશક ભુકંપનાં કંપનો થોડાં હળવાં થઇ રહ્યાં હતાં. ભુકંપગ્રસ્તોનો અને દાતાઓનો રાહતનો ગોકીરો થોડો ધીમો પડી રહ્યો હતો. મલબા હજુ પુરેપુરા હટ્યા નહોતા, પણ પુનઃવસવાટની માંગણીઓ જોર પકડી રહી હતી, કેમ કે, મોટાભાગની રાહતછાવણીઓ હજુ અકબંધ હતી.

બીજી તરફ, રાહતથી વંચીત રહી ગયેલા, ગરીબ વર્ગના શોષીત સમુદાયો (મહીલાઓ, દલીતો, આદીવાસીઓ, લઘુમતીકોમોનાં લોકો વગેરે) દાંત કચકચાવી, મુઠ્ઠી ભીંસી અસ્તીત્વ ટકાવવા માટે જીવસટોસટનો સંઘર્ષ કરી રહ્યાં હતાં. તેમની મોટાભાગની રાહતછાવણીઓમાં ટેન્ટ પણ નહોતા કે માથે છાપરું પણ નહોતું.

ત્યાં જ આવી પડી એમને દાઝ્યાં પર ડામ આપતી ગુજરાત સરકારની 'ગ્રામીણ વીસ્તારોના પુનર્વસન માટેની નીતી.' એમનામાંનાં મોટા ભાગનાંને તો એ નીતી વીશે ખાસ કાંઇ ખબર જ નહોતી અને જેમને થોડીઘણી ખબર હતી તેમનો મુંઝારો અને આક્રોશ એમને બેબાકળાં બનાવી રહ્યો હતો. એવાં વંચીતોની પડખે ઉભી રહેલ કેટલીક સ્વૈચ્છીક સંસ્થાઓનો રોષ પણ ભભુકવા માંડ્યો હતો. એમણે એ સમુદાયોને સંગઠીત કરવાનું બીડું ઝડપ્યું.

એમણે અમારી 'દર્શન'[2] સંસ્થાનો સંપર્ક સાધ્યો. શેરીનાટક, જાગૃતી ગીતો, હાકલ ગીતો વડે શોષીતોના ધરબાયેલા આક્રોશમાં પ્રાણ પુરવાનો અને વંચીતોનું સંગઠન બનાવવામાં નીમીત્ત બનવાનો પડકાર અમે ઝીલ્યો. ઉત્તર ગુજરાતના ગ્રામીણ વીસ્તારોમાં કાર્યરત દલીત સાથીઓનું એક સાંસ્કૃતીક જુથ એ નાટક અને ગીતો રજુ કરવા તૈયાર થયું.





'અંધેરી નગરી' નામનું શેરીનાટક અને આઠ-નવ જાગૃતી ગીતો અને હાકલ ગીતોનો એક સાંસ્કૃતીક કાર્યક્રમ તૈયાર થયો. પણ ખરો પડકાર તો હવે જ શરુ થતો હતો. ભુકંપગ્રસ્ત છેવાડાનાં વંચીતોનાં દીલના મલબા નીચે દબાયેલા આક્રોશને બહાર લાવવા અને એમનામાં સંગઠનની ભુખ જગાડવા એ કાર્યક્રમનો ઉપયોગ કઇ રીતે કરવો? એને અસરકારક અને પરીણામલક્ષી બનાવવા કેવી રણનીતી અખત્યાર કરવી?

વંચીતોના એ અભીયાનનાં સુત્રધારો અને સાંસ્કૃતીક કર્મશીલો તરીકે અમે સાથે મળીને એક વ્યુહરચના તૈયાર કરી. સાંસ્કૃતીક ટુકડી એકલી જ ફરીને બધે માત્ર કાર્યક્રમ જ રજુ ના કરે. એની સાથે એક અનુભવી સામાજીક કાર્યકર અને વકીલ પણ જોડાય અને ફરે. આ સાંસ્કૃતીક પ્રવાસ સતત ત્રણ મહીના ચાલે. દરરોજ એક નવા ગામમાં પહોંચે. સવારથી સાંજ સુધી શોષીત સમુદાયના ઘરેઘરની મુલાકાત લે. એમની મુશ્કેલીઓ, તકલીફો સમજે. નાની-મોટી સમસ્યા હોય તો તેના હલ માટે જરુરી માર્ગદર્શન આપે. જો જટીલ કે મુશ્કેલ સમસ્યા હોય તો એ સમસ્યાની વીગતવાર નોંધ કરી લે અને એની જરુરી કાર્યવાહી કરવાની જવાબદારી પોતાના શીરે લઇ લે. અને બસ, સાંજે એ ગામમાં સાંસ્કૃતીક કાર્યક્રમ રજુ થાય. સરકારની પુનઃવસન નીતી વીશે શોષીત સમુદાયો સાથે સામુહીક ચર્ચા થાય.

શોષીતોના ધરબાયેલા આક્રોશને ભડકાવવામાં અને એમનાં ભગ્ન દીલોને સાંત્વન આપી એમનાં ખમીરને ઉજાગર કરવામાં એ સાંસ્કૃતીક કાર્યક્રમ અને વ્યુહરચના સચોટ અને સફળ પુરવાર થયાં.

'લોક અધીકાર મંચ'[3]ના નામે ચાલેલ એ સાંસ્કૃતીક અભીયાનના અંતે શોષીતો-વંચીતોનો જનઆક્રોશ ભભુકી ઉઠ્યો. એક સાથે કચ્છનાં ચાર નગરોમાં એમણે સ્વયંભુ રીતે ધરણાં, ભુખહડતાલ અને રેલીઓ જેવા કાર્યક્રમો શરુ કર્યા. એ વીરોધ કાર્યક્રમોને નામ આપ્યું 'લોક અધીકાર મંચ'. એમની મુખ્ય માંગણીઓ હતી – પુનઃવસન નીતીમાં શોષીત સમુદાયોને થઇ રહેલ અન્યાય, ભેદભાવો અને એમની અવગણના દુર કરવી. સરકારી રાહતના પુરેપુરા લાભો એમને પહોંચાડવા.

સરકારે વીરોધીઓમાં ફાટફુટ, વચનોનાં ગાજર, પોલીસદમન, કેટલાંક કર્મશીલો વીરુધ્ધ ખોટેખોટા અદાલતી કેસો, ધરપકડો બધા જ પેંતરા અજમાવ્યા; પરંતુ શોષીતોના આક્રોશનો જુવાળ અડીખમ રહ્યો. બલ્કે હવે તો નાગરીક સમાજની સંસ્થા, સંગઠનો અને કર્મશીલો એમના જુસ્સાને વધારેને વધારે પીઠબળ આપવા એમની પાછળ આવીને ખડાં થવા માંડ્યાં.

છેવટે સરકાર ઝુકી. શોષીતો-વંચીતોની માંગણીઓ સ્વીકારાઇ પુનઃવસન નીતીમાં જરુરી ફેરફારો થયા. રાહત યોજનાઓના લાભો છેવાડા સુધી પહોંચ્યાં.

અંધેરી નગરીનાં મુંગાં, દબાયેલાં શોષીતોમાં આક્રોશ તો ફુટ્યો અને એ આક્રોશે પેદા કરેલ લોકજુવાળ એના પહેલા પડાવ સુધી સફળતાપુર્વક પહોંચ્યો પણ ખરો. પણ આજે? એ ઘટનાના બારેક વર્ષ પછી? કચ્છના ગરીબ વર્ગના શોષીત સમુદાયોની હાલત કેવી છે?

એ પ્રાકૃતીક ભુકંપ પછી સરકારે સર્જેલ નવી આર્થીક નીતી અને ઉદારીકરણના ભુકંપે એ વંચીત સમુદાયોને ફરી એકવાર વધારે ઘેરી અંધેરી નગરીમાં ધકેલી દીધા છે. ‘સેઝ’, ઉદ્યોગો અને સીક્સલેન સડકોની ઝાકઝમાળ પાછળ શોષીતો-વંચીતો અંધારામાં એકબીજા સાથે ધર્મ, સંપ્રદાય, જાતી, કોમના નામે આથડી રહ્યાં છે, બાખડી રહ્યાં છે, ખતમ થઇ રહ્યાં છે, ખોવાઇ રહ્યાં છે.

અને એથી જ આજની આ અંધેરી નગરીમાં શોષીતો-વંચીતોના નહીં, શ્રમીકો, ગરીબોના જનઆક્રોશની અને લોકજુવાળની જરુર છે.

પણ એ પ્રગટાવશે કોણ ? ક્યારે ? કેવી રીતે ?

આ માત્ર સાંસ્કૃતીક કર્મશીલો સામેના પડકારો નથી. કચ્છનાં, ગુજરાતનાં અને આખાયે દેશ તેમજ દુનીયાભરનાં પરીવર્તનકામી પરીબળો સામે મસમોટી વીટંબણાઓ છે.

બાકી અંતે, એ સમયના શોષીતોના ખમીરને સલામ! એમણે જગાવેલો જુવાળ આજે ય દીવો બનીને અંધેરી નગરીમાં ટમટમી તો રહ્યો છે.





## અનુભવ – 4

### “તમારું નાટક રાહત છાવણીઓમાં અમારું કામ કરી રહ્યું છે.’

ગુજરાત જનસંહાર – 2002

બસ. આટલા શબ્દો જ પુરતા છે. ગુજરાતમાં, દેશમાં અને આખાયે વીશ્વમાં આજેય પડઘાઇ રહેલ એ ઘટનાક્રમને બયાન કરવા માટે. છેલ્લા ત્રણ દાયકાથી ગુજરાતને ‘સાંસ્કૃતીક ફાસીવાદની પ્રયોગશાળા’ બનાવી ‘હીન્દુ રાષ્ટ્રવાદી’ પરીબળોએ સફળતાપૂર્વક પાર પાડેલા એ પ્રયોગે માત્ર સાંપ્રદાયીકતાની રાજનીતીને જ નહીં, પ્રજાતાંત્રીકતાની રાજનીતીને એક નવો જ વળાંક આપ્યો.

હીન્દુત્વવાદી પરીબળો અને રાજ્યતંત્રની મીલીભગતથી બીલકુલ બેરોકટોક રીતે થયેલી મુસ્લીમોની કત્લેઆમ, એ સમુદાયની મહીલાઓ ઉપર થયેલ બળાત્કારો, અત્યાચારો, માત્ર શહેરોમાં જ નહીં, ઉત્તર, પુર્વ અને મધ્ય ગુજરાતનાં ગામડાં, આદીવાસી કસ્બાઓમાં પણ એ જ હકીકત.

એકલા અમદાવાદ શહેરમાં જ મુસ્લીમ સમુદાયની 65 થી 70 જેટલી રાહતછાવણીઓ અસ્તીત્વમાં આવી ગઇ હતી. મુઠ્ઠીભર સ્વૈચ્છીક સંગઠનો, સામાજીક સંસ્થાઓ, કર્મશીલો દીવસ-રાત આતંકના ઓથાર નીચે ડરતાં-ફફડતાં એ સમુદાયને જીવતો રાખવા, દોડભાગ કરી રહ્યાં હતાં. એ અફરાતફરીના સમયમાં કેટલાંક સ્વૈચ્છીક સંગઠનો અને કર્મશીલોની એક ‘નાગરીક પહેલ’ (સીટીઝન્સ ઈનીશીયેટીવ) હંગામી ધોરણે અસ્તીત્વમાં આવી હતી. અને એ નાગરીક પહેલમાંથી એક લાંબા ગાળાનો સામાજીક-સાંસ્કૃતીક-રાજનૈતીક કાર્યક્રમ સાકાર થયો હતો. જેનું નામ હતું – ‘અમન સમુદાય’[4].

1985થી ગુજરાતની સાંપ્રદાયીક રાજનીતી સામે શેરીનાટકો અને ગુજરાતભરનાં ગામડાં, આદીવાસી વીસ્તારો અને શહેરી ગરીબ વીસ્તારોમાં નાટ્યતાલીમ શીબીરો કરીને યુવાઓને સાંપ્રદાયીકતાનો વીરોધ કરવા તૈયાર કરવાની પ્રવૃત્તીઓ કરતાં રહેલાં અમે –હું અને સાથી બીરાદર સરુપ ધ્રુવ, પણ એ નાગરીક પહેલ સાથે સક્રીય હતાં. અમને લાગતું હતું કે – આ જ સૌથી કસોટીરુપ સમય છે. અત્યારે

શેરીનાટક લઇને હીંસાગ્રસ્ત વીસ્તારો, પીડીતો અને આક્રમણખોરો વચ્ચે જવું જોઇએ.

અમે 'અમન સમુદાય'ના ઉપક્રમે શેરીનાટક તૈયાર કરી ભજવવાનું આયોજન કર્યું. અમને ડર હતો કે, આ નાટક ભજવવા કલાકારો મળશે કે નહીં ? કેમ કે, એ માર્ચ મહીનો હતો, જનસંહારનો મધ્યાહ્ન. વળી પુર્વ અમદાવાદના જે વીસ્તારોમાં અમારે નાટક ભજવવું હતું ત્યાં હીંસા અને કરફ્યુનો મહોલ હતો. વળી સમગ્ર વાતાવરણ અને તમામની માનસીકતા હીન્દુ - મુસ્લીમમાં પરીવર્તીત થઇ ગઇ હતી. પશ્ચીમ અમદાવાદનાં મધ્યમવર્ગી પરીવારો કાં તો એ જનસંહારને સમર્થન આપી રહ્યાં હતાં કાં પછી ચુપકીદી સેવવામાં જ સમજદારી માનતા હતા.

પણ અમારો ડર ખોટો પુરવાર થયો. દસ-પંદર જેટલાં કોલેજોમાં અભ્યાસ કરતાં મધ્યમવર્ગીય યુવક-યુવતીઓ નાટક ભજવવા તૈયાર થઇ ગયાં. રીહર્સલ્સ શરુ થયાં — નાટકનું નામ હતું — 'દીલમાં છે એક આશ'.

રીહર્સલ્સ દરમીયાન પણ કેટલીક અડચણો તો આવી. નાટકની સ્ક્રીપ્ટ કેટલાંક



*નાટકનું રીહર્સલ અને તૈયારી*





યુવા કલાકારોને એકપક્ષી (મુસ્લીમ તરફી) લાગી. ચર્ચાઓ થઇ. છેવટે બે દીવસ રીહર્સલ્સ અટકાવી તમામ કલાકારોને કેટલીક રાહત છાવણીઓમાં લઇ ગયાં. ત્યાં કલાકો સુધી એમણે પોતપોતાની રીતે પીડીતો સાથે વાતો કરી. બે દીવસના અંતે સૌ સ્ક્રીપ્ટ સાથે સંમત થયાં; એટલું જ નહીં, નાટક ભજવવા તલપાપડ થવા લાગ્યાં.

અમારી રણનીતી પહેલાં બેએક સપ્તાહ માત્ર હીંસાગ્રસ્ત અને આક્રમણખોરોનાં વીસ્તારોમાં જ એ નાટક ભજવવાની હતી. એપ્રીલના અંતીમ સપ્તાહથી ભજવણી શરુ કરી.

એક તરફ બળેલી ઝળેલી, લુંટાયેલી ભેંકાર બસ્તીઓ, ચાલીઓ અને બીજી તરફ એ બધું કરનાર અથવા એ બધું કરનારને મુંગામુંગા સમર્થન આપનાર ગરીબો-મધ્યમવર્ગીઓની ચાલીઓ, પોળો, મકાનો, બસ્તીઓ. એકાદ જગ્યાએ સ્થાનીકોએ અમારું નાટક ભજવતાં અમને રોકવાનો પ્રયત્ન કર્યો. બાકી ક્યાંયે ખુલ્લો વીરોધ તો ના થયો. પણ હા, મોટેભાગે સ્થાનીક રહેવાસીઓ આખું નાટક જોવા ભાગ્યે જ



*નાટકની ટીમ*



*નાટકનો પહેલો પ્રયોગ - છારાનગર (નરોડા પાટીયા પાસે)*

રોકાતાં. મોટેભાગે થોડા યુવાનો, મહીલાઓ અને બાળકો જોતાં. નાટક પછી ચર્ચા કરવા તો ભાગ્યે જ કોઈ રોકાતું, તૈયાર થતું. અલબત્ત, કેટલાક વીસ્તારોમાં નાટક જોનારના દીલમાં ઝબુકતો પસ્તાવો તો વળી ક્યાંક ક્યાંક પીડીતો પ્રત્યેની અનુકંપાની ઝલક. અને ક્યાંક પીડીતોને, મરનારાંને બચાવી ન શક્યાની લાચારી અમને અનુભવાઈ.

પરંતુ શેરીનાટક ભજવવાનો અસલ પરચો તો યુવાકલાકારોને અને અમને 'રાહતછાવણીઓ' માં પ્રયોગો શરુ કરતાં જ મળ્યો. પ્રથમ બે દીવસમાં ચાર-પાંચ છાવણીઓમાં પ્રયોગ થયા. અને ભજવતી વખતે કલાકારોએ પીડીતોનો જે પ્રતીભાવ જોયો એનાથી એ લોકો છળી ગયાં; બીજા દીવસે એમણે જણાવી દીધું, "આ લોકો સામે આ નાટક ના ભજવવું જોઈએ. અમને યોગ્ય નથી લાગતું."

અમે એમને સમજાવવાનાં ખુબ પ્રયાસો કર્યાં, પણ વ્યર્થ. વાસ્તવમાં રાહતછાવણીઓમાં બનતું એવું કે, અમારા નાટકનું બીજું દશ્ય 28 ફેબ્રુઆરીએ હીન્દુ ટોળાંઓએ જે રીતે મુસ્લીમ ચાલીઓ, બસ્તીઓ ઉપર હુમલા કરેલા એને







*નાટકનું બીજું દશ્ય - 'ટોલા આયા'*



*નાટકના બીજા દશ્યનો અંત - બાપુનગર વીસ્તાર*



*નાટકની શરુઆત - રાહત છાવણીમાં*

તાદશ્ય કરનારું હતું. જેવું એ દશ્ય શરું થતું કે થોડી જ વારમાં છાવણીમાંની બે-ત્રણ બેનો, દીકરીઓ બેહોશ થઇ જતી. અને પ્રયોગ પુરો થતાં આખીયે છાવણીમાં ડુસકાં, પોકો અને આક્રોશ ફુટી પડતો. યુવા કલાકારો માટે પીડીતોની આ અનુભુતીઓ અસહ્ય બની રહી હતી.

અમે કલાકાર સાથીઓ સમક્ષ એક પ્રસ્તાવ મુક્યો. તે સમયે અમારી નાગરીક પહેલ સાથે બેંગ્લોરના 'નીમ્હાન્સ'સંસ્થાનનાં (મનોવીજ્ઞાન અને મનોચીકીત્સાનો અભ્યાસ કરાવતું રાષ્ટ્રીય ઇન્સ્ટીટ્યુટ) વીદ્યાર્થીઓ, અધ્યાપકો, ડીરેક્ટર સૌ સક્રીય હતાં અને પીડીતોની સામુદાયીક મનોસારવાર (માસ અથવા કમ્યુનીટી કાઉન્સેલીંગ)ની કામગીરી કરતાં હતાં. એ સંસ્થાનના ડીરેક્ટર ડૉ. શેખર અમદાવાદ આવવાના હતા. અમે સાથી કલાકારોને કહ્યું, ''બે દીવસ પ્રયોગો બંધ રાખીએ. ત્રીજે દીવસે ડૉ. શેખર સાથે બેસી તમે આ અનુભવોની ચર્ચા કરો. પછી છાવણીઓમાં નાટક ભજવવા વીશે અંતીમ નીર્ણય કરીએ.''

કલાકારો સંમત થઇ ગયાં. કેટલાંકના મનમાં ખચકાટ જરુર હતો.





ડૉ. શેખર સાથે મુલાકાત શરુ થઇ. કલાકારોએ રાહતછાવણીમાંનાં પીડીતોના પ્રતીભાવો અને એને કારણે એમને થઇ રહેલ અનુભુતીઓ વીશે વીગતે વાત કરી. ખાસ તો દરેક પ્રયોગ વખતે બેહોશ થતી બેનો-દીકરીઓની એમને છળાવી મુક્તી અનુભુતીઓ વીશે એમણે જણાવ્યું. એમની વાત પુરી થતાં ડૉક્ટર શેખરે હળવેથી એમને પુછ્યું:

''તમારા પરીવારમાં કોઇનું મૃત્યુ થાય અને એમને ચાહનાર કોઇ સ્વજન મુઢ થઇ જાય તો પરીવારનાં બીજાં લોકો શું કરે છે?''

''એને ઢંઢોળે, હચમચાવે, લાફા મારે'' એક સાથી બોલી.

''કેમ?''. ડૉ. શેખરનો સવાલ.

''મુઢ થઇ જનારનો ડુમો નીકળી જાય અને એ રડે, પોકો મુકે''.



*જનસંહારમાં નવજાત બાળકી ગુમાવી ચુકેલી મા*

“રડવા, પોકો મુકાવવાથી શું થાય?” ડૉ. શેખરનો વધુ એક સવાલ.

“મુઢ વ્યક્તી હળવી થાય, ભાનમાં આવે. સ્વજનના મૃત્યુના આઘાતમાંથી બહાર આવવાની શરુઆત કરે.” કલાકારોનો પ્રત્યુત્તર.

ડૉ. શેખરે શાંતીથી કહ્યુંઃ

“બસ. તમારા નાટક વડે રાહતછાવણીઓમાં મુઢ થઈ ગયેલ પીડીતોની સાથે તમે એ જ કરો છો, જે મુઢ વ્યક્તીને હોશમાં લાવવા તમારા પરીવારજનો કરે છે. તમે એમની મુઢ લાગણીઓને ઢંઢોળો છો, હચમચાવો છો, લપડાકો મારો છો. એથી બેનો-દીકરીઓ બેહોશ થઈ જાય છે. છાવણીનાં રહીશો ડુસકાં ભરે છે, પોકો મુકે છે, આક્રોશ ઠાલવે છે.”


કલાકારો સંમત થતાં લાગ્યાં. ડૉ. શેખરે છેલ્લે જે કહ્યું એ સાંભળીને તો તેઓએ એ જ દીવસથી છાવણીઓમાં પ્રયોગો શરુ કરવાની તત્પરતા બતાવી. છેલ્લે ડૉ. શેખરે એટલું જ કહ્યુંઃ



*નાટકને અંતે પ્રેક્ષકો સાથે ચર્ચા*







*રાહત છાવણીમાં પ્રેક્ષકો સાથે વાતચીત*

“દોસ્તો! તમારું નાટક રાહતછાવણીઓમાં અમારું કામ કરી રહ્યું છે. તમે લોકો પણ અમારી જેમ એમનું કાઉન્સેલીંગ કરી રહ્યાં છો. એમને જીવન જીવવાની પ્રેરણા આપી રહ્યાં છો. અમારા મનોવીજ્ઞાનમાં આવી પ્રવૃત્તીને ‘વેન્ટીલેશન થીયરી અને થેરાપી’ કહેવામાં આવે છે”.

બસ. બીજા જ દીવસથી અમે રાહતછાવણીઓમાં ઉત્સાહભેર ‘દીલમાં છે એક આશ’ના પ્રયોગો શરુ કરી દીધા.

## અનુભવ – 5

### "હમારે મઝહબ મેં મના હૈ"

એ જ નાટક. 'દીલમાં છે એક આશ'. એ જ સમય. એ જ માહૌલ. એ જ અમદાવાદની જનસંહારગ્રસ્ત પીડીતોથી ખદબદતી એક રાહત છાવણી.

અગાઉના અનુભવમાં વાત થઇ એ પ્રમાણે અમે જનસંહારની શરુઆતથી અસ્તીત્વમાં આવતી ગયેલી રાહત છાવણીઓ અને તેમાં ઉભરાતાં જનસંહારગ્રસ્તોના સાતત્યપૂર્ણ સંપર્કો એક 'નાગરિક પહેલ'ના માધ્યમથી કેળવતાં રહ્યાં હતાં. એ કેમ્પના સંચાલકો અને મેનેજરના સંપર્કમાં પણ હતાં. અમે 'દીલમાં છે એક આશ' નાટકનો પ્રયોગ કરવા ત્યાંના મેનેજરની મૌખીક મંજુરી મેળવી લીધેલી હતી.

નક્કી થયેલ દીવસે બપોરે અમારી ટુકડી જરુરી સામગ્રી સાથે પહોંચી ગઇ. વચ્ચેના ચોકમાં જરુરી 'સ્પેસ' તૈયાર કરી. કલાકારો અર્ધવર્તુળાકારે ગોઠવાવા માંડ્યાં. ચાર-પાંચ જણ ઢોલ-ડફલી વગાડતાં, લયબધ્ધ તાલી પાડતાં શિબિરવાસીઓને ચોકની આસપાસ એકઠાં કરવા માંડ્યાં.

અચાનક છાવણીના મેનેજર દોડતા આવ્યા અને મોટેથી બુમ પાડીને કહ્યું, "યહાં નાટક નહીં હોગા". કલાકારો અટકી ગયાં. ઘડીક માટે સોપો પડી ગયો. અમે, બે - ત્રણ આયોજકો મેનેજર પાસે પહોંચ્યા. અમે પુછ્યું, "તમે તો મંજુરી આપેલી... અને હવે ... ?"

અમે આશ્ચર્યભરી નજરે એમને જોઇ રહ્યાં. છેલ્લા દોઢ-બે મહીનાથી એમના સંપર્કમાં હતાં. એમના વ્યક્તિત્વનો પણ થોડાઘણો પરીચય હતો. એમનું આવું વર્તન, આવા ભાવ પહેલીવાર જોઇ રહ્યા હતાં. અમે કારણ સમજવા પ્રયાસ કર્યો.





તરત જ એમણે કહી દીધું.

"હમારે મઝહબ મેં મના હૈ".

અમારું આશ્ચર્ય ઔર વધી ગયું. આજ સુધી અન્ય કોઇ રાહત છાવણીમાં આવી કોઈ મનાઇ વીશે ઉલ્લેખ થયો નહોતો. અને એમાંયે આ તો મઝહબે ફરમાવેલી મનાઇ. મામલો વધારે સંવેદનશીલ જણાયો. અમે એમની સાથે વાતચીત આગળ ચલાવી. બીજી રાહત છાવણીઓમાં સંપર્ક કરવા કહ્યું. પણ તેઓ પોતાની વાત પર મક્કમ હતા. એમણે કહ્યું-

"હમારે મઝહબ મેં સંગીત બજાના, નાચના મના હૈ".

અમે એમને નાટકનો હેતુ સમજાવ્યો. નાટકમાં ગીત, સંગીત, નૃત્ય સહેતુક છે અને ખપ પુરતાં જ છે - એની સ્પષ્ટતા પણ કરી. પણ તેઓ કોઇ મચક આપવાના મુડમાં નહોતા. કેટલાંક છાવણીવાસીઓએ અને ત્યાં દીવસ-રાત સાથે રહેતાં અમારી 'નાગરિક પહેલ'નાં કર્મશીલ સાથીઓએ પણ એમને સમજાવ્યા.

પણ મેનેજર મઝહબના ફતવાને વળગી રહ્યા. થોડીવારમાં મામલો વધારે ગુંચવાવા માંડ્યો એટલે એમણે છાવણીવાસીઓને ધમકાવીને વીખેરી નાંખ્યાં અને અમને છાવણીની બહાર જવા જણાવી દીધું.

એ માહૌલમાં અમે નાટક ભજવ્યા વીના બહાર નીકળી ગયાં. મનમાં કેટલાંક સવાલો ઉભરાવા માંડ્યા.

"આવા જનસંહારો અને સાંપ્રદાયીક રમખાણો અલ્પસંખ્યક સમુદાયોને કેટલી કુંઠીત ધર્માંધતા ભણી ધકેલી દેતાં હોય છે ?"

"સંપ્રદાય કે સમુદાયકેન્દ્રી પ્રત્યક્ષ કે / અને અપ્રત્યક્ષ આક્રમણો અસરગ્રસ્તોની માત્ર ભૌતીક જરુરીયાતોને જ નહીં, માનસીક ચેતના અને તાર્કીકતાને કેટલી 'ઘેટ્ટોઆઇઝ્ડ' બનાવી દે છે ? પંગુ અને નીર્બળ બનાવી દે છે ?"

## અનુભવ -6

### અને શેરીમાં ભજવાતું નાટક શાળા-કોલેજોમાં પ્રતીબંધીત જાહેર થયું.

રાજસ્થાનનો હરીયાણા રાજ્યની સરહદે આવેલો અલવર વીસ્તાર. નવેમ્બર, 2004ની બાવીસમી તારીખની સવાર. આગલા દીવસની વ્હેલી સવારથી માંડી મોડી સાંજ સુધીમાં આસપાસનાં ગામડાંઓની શેરીઓ, ગલીઓ, ચોતરાઓ ઉપર અમે 'સંવેદન સાંસ્કૃતીક કાર્યક્રમ'[5]નાં સાથીઓએ અમારાં 'ફૉરમ'[6] સ્વરુપના નાટક 'ગુજરાત -2004'નાં છએક પ્રયોગો કરી, રાત્રે અલવર શહેરની એક હોટેલમાં થાકીને લોથ થઇને સુઇ ગયેલાં. પણ આજે વ્હેલી સવારે ઉઠી જલ્દી જલ્દી તૈયાર થઇ ગયેલાં. આજે બીજાં ચારેક ગામોની નીશાળોમાં અને અલવરની




*પહેલા દીવસે અલવર પાસેના એક ગામના બજારમાં નાટકનો પ્રયોગ*








*ગામમાં ચાલતા પ્રયોગ દરમીયાન પ્રેક્ષકો*

બે કોલેજોમાં એનાં પ્રયોગો કરવાના હતા.

અમારી યજમાન સંસ્થા 'મત્સ્ય-મેવાત શીક્ષા એવમ વીકાસ સંસ્થાન'[7]નાં સાથીઓ અમારા માટે ચા-નાસ્તાની વ્યવસ્થામાં પડ્યાં હતાં. ત્યાં જ એ સંસ્થાના સુત્રધાર, ઉપર અમારે પહેલાં જ જે શાળામાં પ્રયોગ કરવાનો હતો એ શાળાના સંચાલકનો ફોન આવ્યો કે, "સરકારના શીક્ષણ વીભાગના મુખ્ય અધીકારીનો આપણા તાલુકાની તમામ શાળા-કોલેજો ઉપર ફેક્સ આવ્યો છે કે, તમારું ગુજરાતવાળું નાટક અમારા કેમ્પસીઝમાં ભજવવા ન દેવું".

સામાન્ય રીતે સરકારી તંત્રો રગશીયાં ગાડાંની જેમ કામ કરતાં હોય છે. આમ પ્રજ્જાનોના નાકે તો સરકારી તંત્ર પાસે પોતાનું કામ કરાવતાં દમ આવી જતો હોય છે. જ્યારે આ તો કોઇ પ્રકારની પબ્લીસીટી વીના જ નાનાં નાનાં ગામોની શેરીઓ – ચોરા ઉપર એક જ દીવસ ભજવાયેલ નાટક ઉપર રાતોરાત તાલુકાની તમામ શાળા-કોલેજોમાં એની ભજવણી ઉપર પ્રતીબંધનું ફરમાન! યજમાન



*પ્રયોગ દરમીયાન પીડીત દીકરીનું પાત્ર ભજવવા આવેલ પ્રેક્ષક*

સંસ્થાના સુત્રધાર વીરેન્દ્ર વીદ્રોહીજીએ તરત જ એમના સંપર્કોમાં ફોન કર્યા. ખાસ્સી મથામણો પછી બે ગામની શાળાઓના સંચાલકોએ પોતાની શાળાઓમાં પ્રયોગો ગોઠવવાની હીંમત બતાવી. વીદ્રોહીજીએ બપોર પછી અલવરમાં પ્રેસ કોન્ફરન્સ પણ ગોઠવી દીધી. બે-ત્રણ રાષ્ટ્રીય અને સ્થાનીક ન્યુઝ ચેલનો પણ સજ્જ થઈને અમારી સાથે ગામડાંની નીશાળોના પ્રયોગો કવર કરવા તથા અમારા ઈન્ટરવ્યુઝ લેવા જોડાઈ ગઈ.

બંને શાળામાં પ્રયોગો કોઈ પ્રકારની અડચણ વીના સંપન્ન થયા. ‘ફૉરમ નાટક’ હોવાથી શાળાનાં શીક્ષકો-વીદ્યાર્થીઓએ નાટકનાં ચારેય દશ્યોમાં જોડાઈને અલગ અલગ પાત્રો ભજવ્યાં અને એ દશ્યમાં રજુ થતી સમસ્યાઓના પોતપોતાને યોગ્ય લાગ્યાં એવાં નીરાકરણો પણ રજુ કર્યાં. એ સંદર્ભે જોઈએ તો પ્રયોગો સફળ પણ રહ્યા અને સાર્થક પણ. કેમ કે, અલવર-મેવાતનો વીસ્તાર સાંપ્રદાયીકતા સંદર્ભે અત્યંત સંવેદનશીલ અને સ્ફોટક છે. અને અમારા એ નાટકમાં ગુજરાત જનસંહાર-2002 દરમીયાન બનેલી ચાર સત્ય ઘટનાઓને ‘ફૉરમ સ્વરુપે’ રજુ કરાઈ હતી.







*બીજા દીવસે સવારે એક શાળાના કંપાઉન્ડમાં નાટકનો પ્રયોગ*

મોડી બપોરે પ્રેસ કોન્ફરન્સમાં પહેલાં નાટક રજુ થયું અને પછી પત્રકારો સાથે શીક્ષણ વીભાગે ફરમાવેલા પ્રતીબંધ વીશે ચર્ચા થઈ. અમે સરકારના ફતવાનો વીરોધ સ્પષ્ટ કર્યો અને સવારે બે શાળાઓમાં કરેલ પ્રયોગો અને બે દીવસથી અલવરમાં આ નાટકને મળી રહેલ પ્રતીસાદો વીશે પણ વાતો કરી. એક-બે સાંપ્રદાયીક માનસ ધરાવતાં પત્રકારો અને વગર આમંત્રણે પ્રેસ કોન્ફરન્સમાં આવી ગયેલ સ્થાનીક ‘અખીલ ભારતીય વીદ્યાર્થી પરીષદ’(એ.બી.વી.પી.) અને ‘બજરંગ દળ’ના બે-ત્રણ ગુંડા જેવા નેતાઓએ થોડો હોબાળો પણ કર્યો. પણ અમારી યજમાન સંસ્થાના કાર્યકર સાથીઓ અને કેટલાંક પત્રકાર મીત્રોએ એમને કોન્ફરન્સની બહાર રવાના કરી દીધા.

સાથીઓ, માનવું પડે કે સરકારી તંત્રો જાગે છે, કામ કરે છે, દીવસ-રાત સતેજ અને સક્રીય રહે છે; પણ જો એમના કોઈ ‘માલીક’નું ફરમાન આવે તો જ!




*પ્રેસ કૉન્ફરન્સ દરમીયનના પ્રયોગમાં પાત્ર ભજવવા આવેલ એક પત્રકાર*

બીજું એ પણ માનવું પડે કે, પ્રજાતાંત્રીક સરકારોને શેરીઓ, મહોલ્લાઓ શાળા-કોલેજોમાં જઇને વીદ્યાર્થીઓ, યુવાઓ, આમપ્રજાજનો સાથે પ્રજાતાંત્રીક ઢબે સંવાદ-વીસંવાદ-ચર્ચાઓ કરતાં 'શેરીનાટકો', પોતે સર્જેલાં 'પ્રજાતંત્ર'માટે જોખમી અને વીઘાતક લાગે છે. વાસ્તવમાં પ્રજાતંત્ર માટે ખતરો કોણ છે ? સરકારોએ સર્જેલું આજનું 'પ્રજાતંત્ર' કે નાટકો-શેરીનાટકો ?





## અનુભવ -7

## એ કૌમની વીદ્યાર્થીનીઓ અવીરત આવતી રહી અને નાટકમાં પાત્રો ભજવતી રહી... બપોરે એક વાગ્યા સુધી.

વર્ષ 2007. જાન્યુઆરી કે ફેબ્રુઆરી મહીનો. અમદાવાદનો ગીચ વસ્તી અને ભરચક ટ્રાફીકથી ઘોંઘાટતો રહેતો જમાલપુર વીસ્તાર. એમાં આવેલી અમદાવાદના એક મુસ્લીમ શૈક્ષણીક ટ્રસ્ટ અને સોસાયટી દ્વારા સંચાલીત શાળા અને કોલેજ 'એફ.ડી.' એ શીક્ષણ સંસ્થાન, મુસ્લીમ સમુદાયની બેનો, દીકરીઓ, યુવતીઓ માટે જ કાર્યરત છે.

અગાઉના અલવરના અનુભવમાં જે 'ફૉરમ' નાટકની વાત થઇ એ જ નાટક એ કોલેજમાં ભજવવાનો પ્રસ્તાવ લઈને અમે કોલેજના પ્રીન્સીપાલની કેબીનમાં બેઠાં હતાં. અમે આચાર્યશ્રીને અમારા નાટકના મુદ્દા અને ખાસ તો 'ફૉરમ'સ્વરુપ વીશે સમજાવતા હતા. આચાર્યશ્રીના ચ્હેરા પર અવઢવ હતી. એમણે ધીરે રહીને સસંકોચ કહ્યું કે, ''અમારી કોલેજમાં ગરીબ અને નીચલા મધ્યમવર્ગની યુવતીઓ આવે છે. એમનાં પરીવારો એમને ભણવા જ માંડ માંડ મોકલે છે. એ ચુસ્ત ધાર્મીક વાતાવરણવાળાં પરીવારો એમની દીકરીઓને નાટક જોવાની જ મંજુરી ના આપે. એમાં વળી આપ એ બેનો પાત્રો ભજવે એવું નાટક ભજવવાની વાત કરો છો ? માફ કરો, આવું નાટક અમારી કોલેજમાં શક્ય નથી''.

અમે કહ્યું કે, ''છોકરીઓ 'ફૉરમ'માં ભાગ લેવા નહીં આવે તો અમે નાટક ભજવી, ચર્ચા કરીને ચાલ્યાં જઇશું.''

તેઓ મુંઝાયા. ત્યાં જ એમની કોલેજમાં માનદ્ સેવાઓ આપતા ગુજરાત યુનીવર્સીટીના એક નીવૃત્ત અધ્યાપક કાંઇક કામે આવ્યા. એ અમારા જુના વડીલ મીત્ર હતા. અમને જોઇને ખુશ થઇ ગયા. આચાર્યશ્રીએ એમની સાથે અમારા પ્રસ્તાવ અને એમના અભીપ્રાય વીશે ચર્ચા કરી. એમણે આચાર્યશ્રીને આ પ્રકારની સાંસ્કૃતીક પ્રવૃત્તીઓનું શીક્ષણના ક્ષેત્રમાં રહેલું મહત્વ સમજાવ્યું. વીદ્યાર્થીઓના

વ્યક્તીત્વ ઘડતર માટે આવી પ્રવૃત્તીઓ આવશ્યક અને અનીવાર્ય હોવાનું સમજાવ્યું.

આચાર્યશ્રી સંમત થઇ ગયા.

બે દીવસ પછી અમે 'સંવેદન સાંસ્કૃતીક કાર્યક્રમ'ના સાથીઓ સવારે નવ-સાડા નવે કોલેજની પરસાળમાં પહોંચી ગયાં. નાટક માટે જરુરી તૈયારી કરી લીધી. લગભગ દસ, સવાદસની આસપાસ પીરીયડ પુરો થતાં વીદ્યાર્થીનીઓ પરસાળમાં આવી હારબંધ ગોઠવાઇ ગઇ. આજુબાજુ અધ્યાપકગણ ખુરશીઓ ઉપર ગોઠવાઇ ગયો.

કાર્યક્રમની પ્રારંભીક ફોર્માલીટીઝ પુરી થઇ. અમે નાટકની ભુમીકા બાંધી અને ખાસ તો 'ફૉરમ'ની પ્રક્રીયા વીશે વીદ્યાર્થીનીઓને સમજુતી આપી.

લગભગ સાડાદસે શરુ થયેલું નાટક અગીયારેક વાગતામાં તો એકવાર સળંગ ભજવાઇ ગયું. ત્યાર પછી અમારા એ નાટકના 'જોકર' (ફૉરમ થીએટરમાં 'જોકર' એટલે સુત્રધાર. જે નાટકનાં દૃશ્યોને એક પછી એક વારાફરતી ભજવાવતો જાય અને પ્રેક્ષકોને એમાં સામેલ થવા પ્રોત્સાહીત કરતો જાય) જયેશ સોલંકીએ વીદ્યર્થીનીઓ સાથે નાટકનાં દૃશ્યો વીશે વાતો શરુ કરી. એમને વારાફરતી ભજવાનાર દૃશ્યોમાં આવી એમાં રજુ થતી સમસ્યાઓનો ઉકેલ દૃશ્યમાંનું કોઇ એક પાત્ર ભજવી રજુ કરવાનું આહ્વાન આપવા માંડ્યું.

નાટકમાં રજુ કરેલ એક દૃશ્ય (સત્યઘટના) અત્યંત જટીલ હતું. જનસંહાર દરમીયાન સામુહીક બળાત્કારનો ભોગ બનેલી એક યુવતીની એમાં વાત હતી. યુવતી અદાલત મારફતે બળાત્કારીઓને સજા કરાવવા માંગે છે, જ્યારે એના વૃધ્ધ પીતા અને આડોશી-પાડોશી બળાત્કારી ગુંડાઓની ધાકધમકીને લઇને તથા યુવતીની અને કૌમ-પરીવારની ઈજ્જતનો હવાલો આપીને એને અટકાવવા માટે ધમપછાડા કરે છે. દૃશ્ય અમે ત્યાં અટકાવતા હતા જ્યાં પીતા દીકરીને બેબાકળા થઇ પુછે છે — 'તારે તારો બાપ જોઇએ છે કે ન્યાય ?' અને આ સવાલ





પર 'ફૉરમ' શરુ થતું.

આ દૃશ્યમાં હસ્તક્ષેપ કરવા અને પોતપોતાનાં ઉકેલો સુચવવા વીદ્યાર્થીનીઓ એક પછી એક અવીરત આવતી ગઇ, જુદાં જુદાં પાત્રો ભજવી પોતાનો મુદ્દો - વલણ રજુ કરતી ગઇ.

બાર વાગ્યા... સાડા બાર થયા. આચાર્યશ્રી અને કેટલાંક અધ્યાપક સાથીઓ ઉંચાનીચા થવા માંડ્યાં. પણ વીદ્યાર્થીનીઓને રોકવી અશક્ય બની ગયું. છેવટે એક વાગ્યે આચાર્યશ્રીએ વચ્ચે આવી માઇક હાથમાં લઇ વીદ્યાર્થીનીઓને અટકાવી અને કહ્યું કે, ''કોલેજ પુરી થયે બે કલાક થઇ ગયા છે. તમારાં વાલીઓ ચીંતા કરતાં હશે. હવે તમે ઘેર નહીં પહોંચો તો તમારાં વાલીઓ હમણાં કોલેજ સુધી આવી પહોંચશે.''

નાટક સમેટાયું.

દેશનાં લગભગ નવ-દસ રાજ્યોની બસ્તીઓ, શાળાઓ, કોલેજો, યુનીવર્સીટીઓ, શીબીરો, સંમેલનોમાં આ નાટકના અનેક પ્રયોગો અમે છ-સાત વર્ષ સુધી કર્યા પણ ક્યાંયે પ્રેક્ષકોની આવી અને આટલી સહભાગીતા ક્યારેય નહોતી જોવા - અનુભવવા મળી.

પણ એ વીદ્યાર્થીનીઓની આ સહભાગીતાનું રહસ્ય સ્પષ્ટ હતું. જે સમુદાયની યુવતીની જે સમસ્યા એ દૃશ્યમાં રજુ થઇ હતી એના વીશે એ જ સમુદાયની યુવતીઓ ચુપ કઇ રીતે રહી શકે ? વળી એ સમસ્યા જનસંહાર દરમીયાન અમદાવાદમાં જ બનેલી એક સત્યઘટનાની હતી. અને આ વીદ્યાર્થીનીઓએ તરુણ કે કીશોર અવસ્થા દરમીયાન એ જનસંહારની પીડા અને આક્રોશ પોતાની જાતે અનુભવેલો હતો.

કોઇપણ કૌમ કે રૂઢીવાદી પરીવારો પોતાનાં સંતાનોને ક્યાં સુધી બંધનો કે ફરમાનોની કેદમાં રાખી શકે?

## અનુભવ-8

### "અમે થોડી કાપકુપ અને ફેરફારો પછી જ આ નાટક રજુ કરી શકીએ"

'સંવેદન સાંસ્કૃતીક કાર્યક્રમ'નું ''ઐસા ક્યોં?'' નાટક.

દેશનાં દસ-બાર રાજ્યોમાં ભજવાયેલું અને ગંભીરતાપુર્વક ચર્ચાયેલું એક 'કેલીડીયોસ્કૉપીક' નાટક. 'કેલીડીયોસ્કૉપીક' એટલા માટે કે, એમાં દશ્યે-દશ્યે કથા અને પાત્રો બદાલાતાં રહે. કોરસ દ્વારા ભજવાતાં એવાં નાટકમાં વીષયવસ્તુની જ સળંગસુત્રતા હોય.

લગભગ 70 મીનીટના એ નાટકમાં કેન્દ્રીય વીષય હતો પુરુષસત્તાક સમાજવ્યવસ્થા અને એનાં મુલ્યો – વલણો.

માનવસભ્યતાની શરુઆતથી અસ્તીત્વમાં આવેલી એ વ્યવસ્થાએ કઇ રીતે એ પછી વીકસેલી સમાજ વ્યવસ્થાઓને પોતાનાં મુલ્યો-વલણોથી પ્રભાવીત કરી છે અને આજે પણ કરતી રહે છે.

2007નો નવેમ્બર માસ. રાજસ્થાન-ઉત્તરપ્રદેશ-મધ્યપ્રદેશની સરહદે આવેલા ભરતપુરની એક જાણીતી સ્વૈચ્છીક સંસ્થાના પ્રોગ્રામ ઓફીસરે અમને એક અઠવાડીયું સળંગ એમના કાર્યક્ષેત્રનાં ગામોમાં એ નાટક ભજવવા આમંત્રણ આપ્યું. એમની સંસ્થાને ડીસેમ્બરના પ્રથમ સપ્તાહમાં એક વીશાળ મહીલા સંમેલન યોજવું હતું. એ સંમેલન માટે ગામેગામથી બેનોને મોબીલાઇઝ કરી એકઠી કરવાના હેતુથી આ નાટકની જરુર હતી.

અમે સંમત થઇ ગયાં. હું અને સાથી સરૂપબેન અન્ય એક જરુરી કામે દીલ્હી જવાનાં હોઇ અમે અમારી ટુકડીને જ એના સંયોજક સાથે રવાના કરી.

અમારું જુથ ભજવણી શરુ થવાના એક દીવસ અગાઉ જ એ સંસ્થાની ધૌલપુર શાખાની ઓફીસે પહોંચી ગયું. એવું ઠરાવાયું કે એ સંસ્થાના કાર્યકરો એ નાટક જોઇ લે, સમજી લે પછી બીજા દીવસથી કાર્યકરો અમારા જુથ સાથે ગામેગામ





જાય. અમને આમંત્રણ આપનાર પ્રોગ્રામ ઓફીસર અન્ય કામોમાં વ્યસ્ત હતા. વળી એમણે અગાઉ હૈદ્રાબાદના એક રાષ્ટ્રીય સંમેલનમાં આ નાટક જોયેલું હતું.

સંસ્થાના પ્રાંગણમાં નાટક ભજવાયું. જોનારાંમાં સંસ્થાના કાર્યકર ભાઇ-બેનો બંને હતાં. નાટક પુરું થતાં જ પુરુષ કાર્યકરોએ ઓફીસરને જણાવી દીધું કે, ''આપણા વીસ્તારોમાં આ નાટક ના જ ભજવાય''. મહીલા કાર્યકરો ચુપ રહી.


પ્રોગ્રામ ઓફીસર મુંઝાયા. એમણે મને ફોન કરીને જણાવ્યું કે, અમારો સ્ટાફ નારાજ છે. અમે અહીંથી એક સ્થાનીક નાટ્યનીષ્ણાતને બોલાવી નાટકમાં થોડી કાપકુપ અને ફેરફારો કરાવ્યા પછી જ કાલથી એના પ્રયોગો કરી શકીએ.



*સંસ્થાનાં કાર્યકરો, અધિકારી સાથે નાટક ભજવણી વીશે ચર્ચા.*

મેં એમને નાટકમાં કોઇ પણ કાપકુપ કે ફેરફારો કરવાની સ્પષ્ટ ના પાડી દીધી. મેં સુચવ્યું કે, બીજે દીવસે સવારે તેઓ એમના કાર્યક્ષેત્રના કોઇએક ગામમાં ગામલોકો

સમક્ષ નાટક કરાવે અને તેઓ તથા તેમનો સ્ટાફ સાથે રહે અને નાટક પછી અમારું જુથ પ્રેક્ષકો સાથે ચર્ચા કરે. જો ગામલોકોને નાટક પસંદ પડે અને તમને લાગે કે, આ નાટક તમારા હેતુ માટે ઉપયોગી નીવડશે તો આયોજન પ્રમાણે આખું અઠવાડીયું પ્રયોગો કરાવો; નહીં તો અમારા જુથને બીજે દીવસે અમદાવાદ પરત રવાના કરી દો.



એમને મારો પ્રસ્તાવ યોગ્ય લાગ્યો. બીજા દીવસે એક ગામમાં નાટક ભજવાયું. પ્રેક્ષકોએ ઉત્સાહથી જોયું, માણ્યું અને નાટકના મુદ્દાઓ વીશે ખુલીને ચર્ચાઓ કરી. સંસ્થાના પુરુષ કર્મચારીઓ ચુપ થઇ ગયા. પ્રોગ્રામ ઓફીસર ખુશ. અને સપ્તાહ સુધી ગામેગામ નાટક ભજવાયું, ચર્ચાયું.

અમારું જુથ પરત આવ્યું. એ સંસ્થાના સંમેલનમાં પણ હજારથી વધુ મહીલાઓ સામેલ થઇ.








પછી અમદાવાદ જ્યારે અમે જુથ સાથે ચર્ચા કરી ત્યારે ખબર પડી કે, સંસ્થાની મહીલા કાર્યકરો તો ભજવણીના પક્ષમાં હતી પણ પુરુષ કાર્યકરો એટલા માટે વીરોધ કરતા હતા કે, તેઓ હીન્દુત્વવાદી હતા. એમાંના કેટલાક બાબરીધ્વંસ માટે અયોધ્યા પણ ગયેલા. અને બેનોમાં હીંમત નહોતી કે પુરુષ કાર્યકરોનો વીરોધ કરે. પણ બેનોએ પાછળથી ખાનગીમાં અમારા જુથ સમક્ષ આ ખુલાસો કર્યો હતો.

બોલો, આ છે કેટલાંક આપણાં સ્વૈચ્છીક સંગઠનોની જમીની હકીકત. જો સમાજ પરીવર્તન કે સામાજીક વીકાસ માટે કાર્યરત સ્વૈચ્છીક કે સમાજીક સંગઠન-સંસ્થાનાં કર્મશીલો કે કાર્યકરો જ આવી પુરુષપ્રધાન, સાંપ્રદાયીક કે બ્રાહ્મણવાદી માનસીકતાથી ગ્રસ્ત હોય તો સમાજમાં કેવું પરીવર્તન આવે કે કેવો વીકાસ થાય ?



બીજી એ હકીકત પણ પુરવાર થાય છે કે, આ પ્રજાતંત્રમાં સરકારો તો કલા અને મુક્ત અભીવ્યક્તીને ગુંગળાવવા સેન્સર બોર્ડો બનાવે જ છે અને પોતાને પ્રતીકુળ અભીવ્યક્તીઓને અટકાવે જ છે; પણ આપણો સમાજ ? એ પણ એ જ કરે છે.

સવાલ એ થાય કે - પ્રજાતંત્રમાં મુક્ત ચર્ચાઓ, વાદીવીવાદો થવા જોઇએ કે નીયંત્રણો, દાદાગીરી, ધાકધમકી અને હીંસા વડે પ્રતીવાદને ડામી દેવો જોઇએ ?

શું આજનું આપણું 'પ્રજાતંત્ર ખરા અર્થમાં 'પ્રજાતંત્ર' છે ?





## વીભાગ - ૧ ની સંદર્ભનોંધો

### પરીશીષ્ટ : 1

### સંવેદન નાટ્ય સંકુલ

- 1984માં કેટલાંક સાંસ્કૃતીક-રાજનૈતીક સાથીઓએ અમદાવાદમાં અસ્તીત્વમાં આણેલું અનૌપચારીક, અવેતન નાટ્યજુથ. જેનો હેતુ સ્પષ્ટ હતો જનવાદી રાજનીતીને અનુરુપ નાટકો જ ભજવવાં. આ સાથીઓમાં મુખ્ય હતા –હીરેન ગાંધી, ડૉ. સરુપ ધ્રુવ, બીરાદર દ્વારીકાનાથ રથ અને વીસ્મય શાહ. આ જુથ પોતાનાં નાટકો માટે એમેચ્યોર, અવેતન નાટ્ય કલાકારોનો સહકાર મેળવતું.
- 1986થી આ જુથે જનવાદી સાહીત્યની પત્રીકા 'આપણું સાહીત્ય' શરુ કરી અને નાટકો ઉપરાંત જનવાદી સાહીત્યનાં પ્રકાશનોની પ્રવૃત્તી શરુ કરી. ત્યારથી જુથનું નામ 'સંવેદન સાંસ્કૃતીક મંચ' પડ્યું. આ જુથના ઉપક્રમે નાટકો, શેરીનાટકોનું નીર્માણ અને ભજવણીઓ ઉપરાંત જનવાદી સાહીત્યનાં પુસ્તકોનું પ્રકાશન-વીતરણ શરુ થયું.
- તદુપરાંત આ જુથે રાજનૈતીક-સાંસ્કૃતીક સંગઠનો અને સ્વૈચ્છીક-સામાજીક સંસ્થાઓના સહકાર વડે શહેરી ગરીબ વીસ્તારો તથા ગ્રામીણ વીસ્તારોમાં નાટ્ય તાલીમની પ્રવૃત્તીઓ શરુ કરી. આવી તાલીમો ગુજરાત અને ગુજરાત બહારનાં રાજ્યોમાં પણ સાકાર કરી. આ જુથે ગુજરાત બહારનાં સાંસ્કૃતીક-રાજનૈતીક કલાકારો, જુથોના કાર્યક્રમો પણ અમદાવાદમાં આયોજીત કર્યા. આ જુથનાં સુત્રધારો હતા – હીરેન ગાંધી, ડો. સરુપ ધ્રુવ, મંચક ઓઝા અને હીરેન ત્રીવેદી.

Õ **આ જુથ દ્વારા ભજવાયેલ મુખ્યનાટકો હતાં –**

1. ઈતીહાસની બીજી બાજુ (મંચીય નાટક)
2. મારીચ સંવાદ (મંચીય નાટક)

3. રાજ પરીવર્તન (મંચીય નાટક)
4. માણસજાત... માણસજાત (શેરીનાટક)
5. જીવતરના વેપારને રોકો! (શેરીનાટક)

Õ **આ જુથનાં મુખ્ય જનવાદી સાહીત્યીક પ્રકાશનો છે -**

1. ‘આપણું સાહીત્ય’ (અનીયતકાલીન સાહીત્યીક પત્રીકા)
2. સાબરમતી પુછે છે (સાહીત્ય સંગ્રહ)
3. દસ્તાવેજ (કાવ્ય સંગ્રહ)
4. સળગતી હવાઓ (કાવ્ય સંગ્રહ)
5. સર્જક ચેતના (વીવેચનાત્મક સાહીત્ય સંગ્રહ)
6. લોહીલુહાણ વર્તમાનની રુબરુ (અનુવાદીત-સંપાદીત રાજનૈતીક કાવ્યસંગ્રહ)
7. હસ્તક્ષેપ (કાવ્ય સંગ્રહ)
8. સહીયારા સુરજની ખોજમાં (ગીત સંગ્રહ)

Õ આ જુથે 1984થી ‘થીએટર સેન્સરશીપ’ની સામેનું આંદોલન ગુજરાતમાં શરુ કર્યું.

Õ દેશની સ્વતંત્રતા પછી ગુજરાતમાં જનવાદી સંસ્કૃતી માટે નીર્માણ અને સંઘર્ષની સમાંતરે પ્રવૃત્તી કરતું આ સૌ પ્રથમ જનવાદી સાંસ્કૃતીક જુથ હતું અને છે. (1980 થી અમદાવાદમાં અસ્તીત્વમાં આવેલ ‘લોક કલા મંચ’ નામના શેરીનાટક જુથના અપવાદને બાદ કરતાં).

Õ આ જુથ આજે પણ અલગ અલગ રણનીતીઓ દ્વારા જનવાદી રંગભુમી, નાટ્ય અને સાંસ્કૃતીક તાલીમો, સાહીત્ય અને સાંસ્કૃતીક ચીંતનો અને આંદોલનો સાથે સક્રીય છે.

Õ આજે એનાં મુખ્ય સુત્રધારો છે —હીરેન ગાંધી અને ડૉ. સરુપ ધ્રુવ.





## 2. દર્શન

Õ **શરુઆત** : ઓગસ્ટ — 1997

Õ **સ્વરુપ** : રજીસ્ટર્ડ ટ્રસ્ટ — સ્વૈચ્છીક સંગઠન

Õ **સુત્ર** : ‘સાંસ્કૃતીક પરીવર્તન માટે પ્રતીબધ્ધ સંગઠન.’

Õ **પ્રવૃત્તીઓ** :

1. મંચીય અને ખુલ્લી જગ્યાઓએ ભજવાતાં નાટકોનું નિર્માણ અને ભજવણી
2. નાટ્ય અને સાંસ્કૃતીક તાલીમો.
3. સાંસ્કૃતીક સંસાધન કેન્દ્રનું સંચાલન.
4. સાંપ્રદાયીકતા અને વૈશ્વીકરણ વીરોધી તાલીમો — કાર્યક્રમોનું આયોજન.
5. સાંસ્કૃતીક અભ્યાસો, વીશ્લેષણો અને પ્રકાશનો.
6. યુવાઓ — વીદ્યાર્થીઓ માટે ફીચર અને દસ્તાવેજી ફીલ્મોના મહોત્સવોનું આયોજન.
7. સાંસ્કૃતીક-રાજનૈતીક સંમેલનો, મહોત્સવોનું ગુજરાતમાં આયોજન — સંકલન.
8. સાંસ્કૃતીક સામગ્રીનું નીર્માણ અને વીતરણ.
9. રાષ્ટ્રીયસ્તરે પ્રજાતાંત્રીક અધીકારો, વૈશ્વીકરણનો વીરોધ અને સાંપ્રદાયીકતાના વીરોધ માટે સંઘર્ષરત સ્વૈચ્છીક સંગઠનોના નેટવર્ક ‘ઈન્ડીયન સોશીયલ એકશન ફોરમ’ (ઇન્સાફ)ની ગુજરાતની પ્રવૃત્તીઓનું સંકલન અને આયોજન.

Õ **સુત્રધારો** : હીરેન ગાંધી, ડૉ. સરુપ ધ્રુવ, વીલ્ફ્રેડ ડીકોસ્ટા.

Õ **મહત્વનાં નાટકો** :

1. સુનો! નદી ક્યા કહતી હૈ ?
2. હમ
3. ઐસા ક્યોં ?
4. ધીરે હૈં હમ સવાલ સે.
5. ગુજરાત -2004/05/06/07
6. ફીર ભી.
7. ઘર- એક સપના.
8. મેગાસીટી મેં મચ ગયા શોર.

Õ **મહત્વનાં સંમેલનો** :

1. 'મૌત કે ખીલાફ કવીતા - ખૌફ કે ખીલાફ કવીતા' (રાષ્ટ્રીયસ્તરનું સાંપ્રદાયીકતા વીરોધી કવી સંમેલન (2002)
2. ફેસ્ટીવલ ફોર પીસ (2002) (અનેકવીધ પ્રકારના સાંસ્કૃતીક કાર્યક્રમોનું સપ્તાહ)
3. 'સંસ્કૃતી કા સફરનામા' (સાંપ્રદાયીકતાવીરોધી રાષ્ટ્રીયસ્તરનું કવીસંમેલન) (2003)
4. 'સચ કી યાદેં – યાદોં કા સચ' (ગુજરાત - 2002ના 5 વર્ષ નીમીત્તે રાષ્ટ્રીયસ્તરનું સ્મૃતીસત્ર)
5. 'થીએટર એન્ડ કોન્ફલીક્ટ્સ' (રાષ્ટ્રીયસ્તરનું થીએટરકેન્દ્રી કન્સલટેશન) (2008)





6. 'ઈન્સાફ કી ડગર પર' (ગુજરાત જનસંહાર-2002ના દસ વર્ષ નીમીત્તે રાષ્ટ્રીયસ્તરનું સ્મૃતીસત્ર) (2012)
7. ફીલ્મોગ્રાફ (ફીચર અને દસ્તાવેજી ફીલ્મોનો મહોત્સવ) (2011-12, 2012-13, 2013-14)

## 3. લોક અધીકાર મંચ

- 2001માં ગુજરાતમાં આવેલ વીનાશક ભુકંપની પુનઃવસનની કામગીરી દરમીયાન અસ્તીત્વમાં આવેલો અધીકારલક્ષી અને વંચીતોપક્ષી કાર્યક્રમ.
- આજે પણ આ કાર્યક્રમ કચ્છમાં સક્રીય છે.
- **સુત્રધાર** : એક્શન એઈડ.

## 4. અમન સમુદાય

- 2002ના ગુજરાત જનસંહાર નીમીત્તે અમદાવાદની એક 'નાગરીક પહેલ' દ્વારા અમન પથીકો (પીસ વર્કર્સ)નાં ઘડતર અને તાલીમો માટે અસ્તીત્વમાં આવેલો કાર્યક્રમ.
- **હેતુઓ / પ્રવૃત્તીઓ** :
  1. સાંપ્રદાયીકતાનો વીરોધ.
  2. જનસંહારના અસરગ્રસ્તો માટે અધીકારલક્ષી કાર્યક્રમો, સંઘર્ષોની કામગીરી.
  3. શાંતી કાર્યકરોનું ઘડતર અને તાલીમો.
  4. સાંસ્કૃતીક પ્રવૃત્તીઓ.
- **સુત્રધાર :** એક્શન એઈડ.
- આ કાર્યક્રમ 2011 પછી વીખેરી નખાયો.

## 5. સંવેદન સાંસ્કૃતીક કાર્યક્રમ

- **સમયગાળો** : 2003 થી 2011
- **સંચાલન** : દર્શન
- **હેતુઓ / પ્રવૃત્તીઓ** :
  1. શોષીત સમુદાયોનાં યુવાઓને સાંસ્કૃતીક તાલીમો આપવી.
  2. શોષીત સમુદાયનાં યુવાઓની સાંસ્કૃતીક કૅડર તૈયાર કરવી.
  3. દેશભરનાં સાંસ્કૃતીક અને અધીકારલક્ષી આંદોલનોમાં સહભાગીતા કરવી.
  4. જનવાદી નાટકો અને ગીતોનું નીર્માણ અને દેશભરમાં રજુઆતો.
  5. શોષીત સમુદાયોનાં સાંસ્કૃતીક જુથોનું ઘડતર અને તાલીમો.

- શોષીત સમુદાયોના યુવાઓ માટે ‘દર્શન’ દ્વારા અમલમાં મુકાયેલ આ કાર્યક્રમ દ્વારા નીર્માણ પામેલ મહત્વનાં નાટકો અને સાંસ્કૃતીક તથા અધીકારલક્ષી મહત્વના કાર્યક્રમો, સંમેલનો, મહોત્સવોની વીગતો ‘દર્શન’ વીશેની નોંધમાં સમાવી લીધેલી છે.

## 6. ફૉરમ થીએટર

- 1970ના દાયકા દરમીયાન લેટીન અમેરીકાના રંગકર્મી અને કર્મશીલ અગસ્તો બૉઆલ દ્વારા વીકસાવેલી ‘થીએટર ઓફ ધ ઓપ્રેસ્ડ’ (શોષીતોની, શોષીતો વડે અને શોષીતો માટેની રંગભુમી) ની એક મહત્ત્વપુર્ણ નાટ્યશૈલી.
- ‘ફૉરમ’ શૈલીનાં નાટકો ખુલ્લી જગ્યાઓમાં ભજવાય છે.





- આ નાટકો પોતાનાં શોષણના અનુભવોને કેન્દ્રમાં રાખી શોષીતો પોતે જ એ અનુભવોને યથાતથ નાટ્યસ્વરુપે શોષીતો-પ્રેક્ષકો સમક્ષ રજુ કરે છે. અને પછી, એ અનુભવની સમસ્યા વીશે પ્રેક્ષકોને કહે છે કે – આવું બન્યું અમારી સાથે. હવે તમે આ અનુભવનું કોઇ એક પાત્ર અમારી વચ્ચે આવીને ભજવો અને આ સમસ્યાનો જે ઉકેલ તમને સુઝતો હોય તે એ પાત્ર દ્વારા રજુ કરો. પ્રેક્ષક પોતાને સુઝે એ નીરાકરણ માટે નાટકનું એક પાત્ર પસંદ કરી મંચ ઉપર આવે. અન્ય પાત્રો નાટ્યજુથનાં એનાં એ જ રહે. પ્રેક્ષક ઉકેલ સુચવે અન્ય પાત્રો પોતાની ભુમીકા મુજબ એની સાથે વર્તે, વીસંવાદ – સંવાદ કરે. આ રીતે પ્રેક્ષકોને શોષણના જે તે અનુભવ વીશેની જટીલતાઓનો અંદાજ આવે. એમના મનમાં સમસ્યાના નીરાકરણ માટેના વીચારો અને રસ્તાઓ, સવાલોની પ્રક્રીયા શરુ થાય. વારાફરતી તેઓ દશ્યમાં સામેલ થઇ પોતાને સુઝતાં ઉકેલોની પ્રેક્ષકો સામે રજુઆત કરતાં રહે અને એ રીતે આ પ્રકારના નાટકમાં કોઇ એક શોષણની સમસ્યા વીશેનો વીમર્શ શરુ થાય. આમ નાટ્યસ્વરુપે અસ્તીત્વમાં આવતો ‘વીમર્શનો મંચ‘ એટલે ‘ફૉરમ’.
- અગસ્તો બૉઆલે આ પ્રકારની નટ-પ્રેક્ષકને એકાકાર કરતી મુખ્ય પાંચેક શૈલીઓ વીકસાવી છે. તેમણે નટ અને પ્રેક્ષક માટે એક નવી વીભાવના અને નવું નામ આપ્યું છે –‘સ્પેક્ટ-એક્ટર’ (પ્રેક્ષક અને નટ બંને આમાં સમાઇ જાય છે)
- આ શૈલીનું નાટક ભજવતી ટુકડીના નટોએ પ્રેક્ષક તરફથી આવતા કોઇપણ ઉકેલ માટે ચર્ચા-વીમર્શ માટે સજ્જ થવું પડે. એટલે કે એમણે પાત્રની ભજવણીની સાથે સાથે પોતાની જાતને પ્રેક્ષક પણ બનાવવી પડે તો જ એ નટ બનીને આવતા પ્રેક્ષકના ઉકેલ વીશે જરુરી વીમર્શની પ્રક્રીયા પોતાના પાત્ર દ્વારા સાકાર કરી શકે.

# વીભાગ -2 નાટ્ય શીબીરોના અનુભવો

**અનુભવઃ -1**

## "સરજી, હમેં નાટક તો કરને હૈં પર...."

2, મે, 1995.

ઢળતી બપોરનો સમય.

પંજાબના લુધીયાણા શહેરથી 15-20 કી.મી. ના અંતરે આવેલું મુલ્લાપુર ગામ. ગામની ચાલીના એક નાનકડા મકાનના પહેલા માળે આવેલી 'લોક કલા મંચ' નામની નાટ્યમંડળીની ઓફીસ.

મંડળીના બે ઉત્સાહી યુવા સાથીઓ હરકેશ અને સુરીન્દર મને અને સાથી બીરાદર સરુપ ધ્રુવને દોરીને ઉપર લઇ ગયા. સીડી પુરી થતાં જ નાનકડી અગાશી. સીડીની સામે જ અગાશીની એક ઉંચી દીવાલ. એ દીવાલની વચ્ચોવચ એક કે બે ખોડાયેલા ખીલા ઉપર લટકતી થોડી જુની લાગતી 303 રાયફલ.

હું ને સરુપબેન સીડીના છેલ્લાં પગથીયે જ મુંઝાઇને ઉભા રહી ગયાં અને લટકતી 303 ને જોઇ રહ્યાં. હરકેશ અમારા મનના સવાલો પામી ગયો અને બોલ્યો, "સરજી, અભી પીછલે મહીને હી ગાંવ સે થોડા ચંદા ઔર થોડા કર્ઝા ઇકઠ્ઠા કરકે પહલે યે લે આયે. સેકન્ડ હેન્ડ હૈ. તાકી અબ હમ નાટક કા ગ્રુપ ફીર સે શુરુ કર સકેં."





"લેકીન નાટક કા ગ્રુપ... ઔર યે રાયફલ....? મેં પુછ્યું.

"યહાં અભી ભી હમ જૈસે ક્રાંતીકારી યા જનવાદી નાટક કરનેવાલોં કો દોનોં સે ખતરા રહેતા હૈ... મીલીટરી, પુલીસ ઔર ખાલીસ્તાનવાદી ટેરરીસ્ટ્સ. ઇસકે પાસ રખને સે થોડી હીંમત મીલતી હૈ..." સુરીન્દરે જવાબ આપ્યો.

1995માં તો ખાલીસ્તાની આતંકવાદી આંદોલનોનાં વળતાં પાણી શરુ થઇ ચુક્યાં હતાં. પણ છતાં આ વીસ-બાવીસ વર્ષના તરવરીયા યુવાઓ નાટ્યમંડળીને પુનર્જીવીત કરવા પહેલાં લોક ફાળો અને દેવું કરીને 303 લઇ આવ્યા અને હવે અમને બોલાવ્યાં હતાં, નાટ્યશીબીર દ્વારા તાલીમ મેળવવા. અલબત્ત, અમે પણ સ્વખર્ચે ગયાં હતાં અને તાલીમ માટે કોઇ ફી પણ લેવાનાં નહોતાં. અમારી ભાગીદારીથી આ પ્રકારની મૃતપ્રાયઃ થઇ ચુકેલી જનવાદી નાટ્યમંડળી પુનર્જીવીત થતી હોય તો એ તો અમારું કામ હતું. સાંસ્કૃતીક કર્મશીલ તરીકે અમારી ફરજ અને જવાબદારી હતી.

એ જ સાંજે આયોજન પ્રમાણે દીલ્હી યુનીવર્સીટીના 'પ્રોગ્રેસીવ સ્ટુડન્ટ્સ યુનીયન'ના ચૌદ-પંદર જેટલાં યુવા સાથીઓ પણ અમારી સાથે તાલીમમાં જોડાવા આવી ગયાં. તાલીમ માટે રહેવાની જગ્યા એ જ હતી. એ રાયફલવાળી નાનકડી છત, બે નાની ઓરડીઓ અને એ ઓરડીઓ ઉપર ધાબું. પંજાબનાં અન્ય ગામો, વીસ્તારોમાંથી પણ તાલીમ માટે સાત-આઠ યુવા સાથીઓ આવેલાં. માત્ર મુલ્લાપુરના સાથીઓમાંથી બેએક સાથીઓ અમારી સાથે રોકાતાં. બાકીનાં રાત્રે મોડા સુવા માટે ઘેર જતા રહેતાં. અમારા સૌનો ચા-નાસ્તો, ભોજન બધું એ છત ઉપર જ સાથે મળીને બનાવતા, રાંધતાં અને તાલીમ માટે ગામની શાળાના એક ઓરડામાં જતાં.

બીજા દીવસની સવારથી શરુ થઇ અમારી દસ દીવસની નાટ્યતાલીમ. તાલીમ નહીં, સાચું કહું તો – અમારી કસોટી. બે અલગ પ્રકારનાં ગ્રુપ્સ. એક ગ્રામીણ અને બીજું મહાનગરીય. બંનેના તાલીમ માટેના તદ્દન ભીન્ન ઉદ્દેશ્યો. એકને ગ્રામીણ વીસ્તારો માટે નાટ્યજુથ (મુખ્યત્વે નુક્કડ નાટકનું) પુનઃજીવીત કરવું હતું અને

બીજાને વીદ્યાર્થીઓની રાજનીતી માટે શેરીનાટકની તાલીમ લેવી હતી. એકની પાસેનાં પરંપરાગત નાટ્યસ્વરુપો અને પ્રેક્ષકગણ અને બીજાની પાસેનાં આધુનીક નાટ્યસ્વરુપો અને પ્રેક્ષકગણ. બંને તદ્દન સામસામેના છેડાની, ભારતની બે વસ્તાવીકતાઓ સમા હતી.

પણ ખુબ જ રોમાંચક રહી એ તાલીમ પ્રક્રીયા- અમારાં સૌ માટે. થીએટરનાં સ્વરુપો, ટેકનીક્સ, ગીત, સંગીત, નૃત્ય જેવી નાટકની આનુષંગીક કલાઓ, રજુઆતોની સ્ટ્રેટેજીસ, વગેરેની સાથે સાથે પંજાબનું તંગ અને હીંસક રાજનૈતીક વાતાવરણ અને દીલ્હીમાં પ્રવર્તતા યુનીવીર્સીટી પોલીટીક્સની વાતો પણ સમાંતરે ચાલતી રહી.

પંજાબના યુવાસાથીઓની ઘણી મહત્ત્વની મુંઝવણો હતી. અને પહેલાં ત્રણ-ચાર દીવસ સુધી 'સરજી, હમેં નાટક તો કરના હૈ પર…'' ના વાક્ય સાથે શરુ થતી. એક મુંઝવણ તો 303ની રાયફલ દ્વારા વ્યક્ત થઇ ચુકી હતી. એક તરફ મીલીટરી-પુલીસ અને બીજી તરફ આતંકવાદીઓ. બંનેનો વીરોધ કરતાં જનવાદી નાટકો ભજવવા એમને માટે મસમોટો પડકાર હતો. એ યુવક-યુવતીઓમાં તો હીંમત હતી પણ એમનાં પરીવારો એમને આવાં નાટકો કરવા દેવા તૈયાર નહોતાં.

બીજી મુંઝવણ હતી મોટાભાગના શીક્ષીત બેરોજગાર સાથીઓની. એમને શાંતી અને ક્રાંતી માટે નાટકો કરવા હતાં અને પરીવારો એમને નોકરી શોધવા દબાણ કરી રહ્યા હતાં.

અમે એમની આ જ મુંઝવણોને અને એ વીશેના એમના અનુભવોને વીષયવસ્તુ બનાવી એમના બે જુથોમાં બે નાટકો બનાવવાની તાલીમ શરુ કરી. અને નીર્ણય કર્યો કે, એ નાટકો વડે જ એ સાથીઓ લોક કલા મંચને પુનર્જીવીત કરે અને તાલીમ પછી એ નાટકોના પ્રયોગો એમનાં પોતાનાં ગામોમાં અને અન્ય ગ્રામીણ વીસ્તારોમાં કરે.

દીલ્હીનાં સાથીઓ સાથે વીદ્યાર્થી રાજનીતીના મુદ્દાઓ વીશે નાટક તૈયાર કરાવવું સરળ હતું. અમે એ તો ઝડપથી ગોઠવી દીધું, તૈયાર કરાવી દીધું. પણ વધારે મઝા





આવી પંજાબના સાથીઓનાં બે જુથ સાથે. એમની બોલી, પરીવારોનું વાતાવરણ, સામાજીક માન્યતાઓ, રીતરસમો ઘણું ઘણું શીખવા મળ્યું અમને પણ. ત્યાંના રાજકીય વાતાવરણ વીશે અમે માધ્યમો તથા અમારાં પંજાબ નીવાસી સાથીઓ, બીરાદરો, મીત્રોને કારણે ખાસ્સું જાણતાં હતાં, પરંતુ એ વાતાવરણની જમીની હકીકતો વીશે ઘણું નવું જાણવા મળ્યું એ નાટકોની પ્રક્રીયા દરમીયાન.

દસ દીવસના અંતે પંજાબ-દીલ્હીનાં સાથીઓનો આનંદ નાટકો તૈયાર થયાનો અને નાટક બનાવવાની તાલીમ મેળવ્યાનો હતો અને અમને તાલીમની પ્રક્રીયા દરમીયાન ઘણું નવું જાણવા-શીખવા મળ્યું એનો. પણ અમને એથીયે વધારે આનંદ એ વાતનો હતો કે, મુલ્લાપુરના સાથીઓએ તાલીમના અંતે – 'લોક કલા મંચ'ને પુનઃજીવીત કરવાનો મક્કમ નીર્ધાર કરી લીધો હતો. અને જાણે કે એમની આંખો અમને કહી રહી હતી, 'અબ તો નાટ્ક કરતે હી રહેંગેં'.

હમણાં ઓક્ટોબર - 2013માં બીરાદર હરકેશનો કૉલ આવ્યો. ''સરજી, 'લોક કલા મંચ' કી સીલ્વર જયુબીલી ફરવરી-2014માં તીન દીન તક મના રહે હૈં… આપકો ઔર સરુપબેનજી કો આના હી હોગા''. એણે એ સમાચાર પણ આપ્યા કે, મુલ્લાપુરમાં લોકફાળા વડે એમણે નાનકડો એક થીએટર હોલ પણ હવે તો બાંધી દીધો છે અને ત્યાં નીયમીતપણે એમનાં અને પંજાબનાં બીજાં જનવાદી નાટ્યજુથોનાં નાટકો પણ ભજવા'વાં માંડ્યાં છે.

## અનુભવ-2

### "તુમારી બહુ કે બચ્ચે કી મુંહદીખાઇ..."

1993નો ઢળતો શીયાળો અને ઉઘડતો ઉનાળો.

1992ના ભરશીયાળામાં સાકાર કરાયેલ બાબરીધ્વંસે આખાયે દેશમાં કૌમી રમખાણો અને તંગદીલીની બળબળતી બપોર આણી દીધી હતી. એ ભડભડતી આગોનાં ઈંધણ સમું ગુજરાત, એ રમખાણો અને તંગદીલીથી બાકાત કઇ રીતે રહી શકે ? રમખાણો તો ગુજરાતમાં ઠેર ઠેર થયાં હતાં. પણ અમદાવાદનાં રમખાણોએ તો આડો આંક વાળી દીધો હતો. કૌમી તંગદીલી એની ચરમસીમાએ પહોંચી ચુકી હતી.

અમદાવાદના શ્રમજીવી વીસ્તારોમાં આરોગ્યલક્ષી અને મહીલાઓના ઉત્થાન માટે મથતું સ્વૈચ્છીક સંગઠન - સંચેતના. એના સુત્રધારો ડૉ. હનીફ લાકડાવાળા અને શીબા જ્યોર્જ અચાનક માર્ચ માસમાં અમને — મને ને સરુપબેનને- મળવા આવ્યાં. એમની ઈચ્છા અમારી પાસે એમનાં કાર્યક્ષેત્રનાં બે મહીલામંડળોની બેનો સાથે શેરીનાટક શીબીર કરાવવાની હતી. પણ એમનો હેતુ એ શીબીરના અંતે નાટક તૈયાર કરાવવાનો ખાસ નહોતો. નાટક તો થાય તો ઠીક અને ના થાય તો પણ ઠીક. એમનો હેતુ શ્રમજીવી બેનોને નાટકની તાલીમ અપાવવાનો પણ ખાસ નહોતો. એમનો હેતુ એક મુસ્લીમ મહીલા મંડળ અને એની સામે જ આવેલા દલીત મહીલા મંડળ વચ્ચે રમખાણોને કારણે તંગ થઇ ગયેલ સંબંધોને સામાન્ય બનાવવાનો, કહો કે 'મહીલા એકતા' આણવાનો હતો.

અમે પળનોય વીલંબ કર્યા વીના પડકાર ઝીલી લીધો. એ બળતી બપોરના વાતાવરણમાં આ પડકાર નાનોસુનો નહોતો. તે સમયના અમદાવાદમાં જમાલપુર ચાર રસ્તા પર આવેલી કૅલીકો મીલ. એ મીલથી ચંડોળા તળાવ સુધી જતી પાકી સડક. એ સડકના ચંડોળા તળાવ પાસેના છેડે એક કોરે આવેલો મીલ્લતનગર વીસ્તાર અને બરાબ્બર સામેની કોરે આવેલો ખોડીયારનગર વીસ્તાર. અને એ





ખોડીયારનગરમાં આવલું 'સંચેતના' સંસ્થાનું નાનકડું દવાખાનું.

અમે શરુઆતમાં નાટકના નીમીત્તે એ દવાખાનામાં બંને વીસ્તારનાં મહીલામંડળોની બેનોને વારાફરતી મળ્યાં. રમખાણો દરમીયાનની બંને મંડળોની બેનોની આપવીતીઓ, પીડાઓ અને આક્રોશને સાંભળ્યાં. પછી બંને મંડળોની શ્રમજીવી બેનોને એકઠી કરી પરસ્પર એ આપવીતીઓ, પીડા અને આક્રોશને વ્યક્ત કરવા સુચન કર્યું; કેમ કે, એ બંને વીસ્તારો વચ્ચે પરસ્પર કોઇ રમખાણ, હીંસા કે હુમલા થયા જ નહોતા. એ વીસ્તારોમાં જે કાંઇ થયું હતું તે 'બહારના લોકો', પોલીસો અને કૌમી દહેશતોને કારણે થયું હતું.

ધીરે ધીરે બંને મંડળોની બેનો દવાખાનામાં અમારી હાજરી દરમીયાન એકઠી થવા માંડી. એકબીજાં સાથે પોતપોતાની આપવીતીઓ, અનુભવો 'શૅર' કરવા માંડી. પરસ્પર વીશેની દહેશત અને નફરત ક્રમશઃ ઘટવા માંડી. બે-ત્રણ દીવસ પછી અમે તે સમયનાં અખબારો અને પત્રીકાઓમાં આવેલા અહેવાલો થોડુંઘણું લખી-વાંચી શકતી બેનો પાસે બધાની વચ્ચે વંચાવી એની ચર્ચાઓ શરુ કરી. પછી રાષ્ટ્રીયસ્તરની પત્રીકાઓમાં આવેલ અહેવાલોની ચર્ચાઓ શરુ કરી.

હવે એમને લાગવા માંડ્યું કે, આ તંગદીલી, દહેશત અને નફરત એમનાં મંડળો પુરતી કે વીસ્તારો પુરતી જ સીમીત નથી. એ તો આખા અમદાવાદ, આખા ગુજરાત અને આખા દેશની શ્રમજીવી મહીલાઓ અને વીસ્તારો સુધી ફેલાયેલી છે. એમની વાતો, ચર્ચાઓનો સુર બદલાવા માંડ્યો.

પ્રક્રીયા શરુ થયાને લગભગ આઠ-દસ દીવસ થયા હશે. એક દીવસ મોડી બપોરે અમે ચર્ચાઓ પુરી કરી. સૌ વીખેરાવાની તૈયારી કરી રહ્યાં હતાં. ત્યાં જ મીલ્લતનગરના મહીલા મંડળનાં આગેવાન બુઝુર્ગ આપાએ પોતાના કુર્તામાંથી મુઠ્ઠીવાળીને કશુંક કાઢ્યું અને ખોડીયારનગરની લગભગ એમની જ ઉંમરની આગેવાન બેનનો હાથ પકડી એની હથેળીમાં મુકી એ બેનની મુઠ્ઠી વાળી દીધી. પછી આંખોમાં ક્ષોભ અને હરખ મીશ્રીત ભાવ સાથે બોલ્યાં-

"તેરી બહુ કે બચ્ચે કી મુંહદીખાઇ!" ઘડીક અટક્યાં. પછી ઉમેર્યું-

"કીત્તે કા હુઆ? દો મહીને કા હો ગયાના...?!"

ઘડીક માટે મૌન. પછી બંનેની આંખોમાં ઝળઝળીયાં. બીજી તમામ બેનો પણ ભાવવીભોર.

સડક પર આવતાં જ મેં ને સરુપબેને વાત શરુ કરી. 'લાગે છે કે હવે નાટક શરુ કરી શકાશે.' 'હા'. 'પણ હજુ એક સવાલ તો થાય જ છે કે, આપાએ ખોડીયારનગરના દવાખાનામાં જ 'મુંહદીખાઇ કી બધાઇ' કેમ આપી ? દલીત આગેવાન બેનના ખોડીયારનગરમાં જ આવેલા ઘરમાં જઇને એના પૌત્રની ખરેખર 'મુંહદીખાઇ' કેમ ના કરી ?

કદાચ સ્વૈચ્છીક સંસ્થાના દવાખાનાથી બીજી કૌમની શ્રમજીવી સાહેલીના ઘર સુધીનું અંતર હજી કાપવું બાકી હતું. અને આજે આ લખતી વખતે તો લાગે છે કે, હવે તો, 2002 ના જનસંહાર પછી તો, એ શ્રમજીવી આપા માટે ખોડીયારનગરના સંસ્થાના દવાખાના સુધીનું અંતર કાપવું દુષ્કર બની ગયું હશે.

ખેર, અમે જે નીમીત્ત જણાવીને બંને મંડળોની બેનો સાથે દવાખાનામાં મુલાકાતો શરુ કરી હતી. એ નીમીત્તની બીજા દીવસથી શરુઆત કરી. એ બેનોની આપવીતીઓ, ચર્ચાઓને આધારે સાથે મળીને નાટક શરુ કર્યું. શેરીનાટક ઉભું થવા માંડ્યું. એપ્રીલના બીજા સપ્તાહમાં એ નાટકનો ટ્રાયલ શો ખોડીયરનગરમાં જ, ત્યાંના રહેવાસીઓ વચ્ચે થયો.

પણ એ નાટકની ખરી 'મુંહદીખાઇ' તો ચૌદમી એપ્રીલે અમદાવાદના સારંગપુર વીસ્તારમાં બાબાસાહેબ આંબેડકરના બાવલાની આસપાસ દરવરસે ભરાતા દલીતમેળામાં સાકાર થઇ. એ નાટકનું નામ હતું-

"હર બાર કીસી ભી દંગે મેં...

હમ ઔરત હી બેઇજ્જત ક્યોં...?"





## અનુભવ-3

## અંધારીયા મલકમાં ઉજાસની માવલી

1998. દીવાળીની આસપાસનો સમય. દક્ષીણ ગુજરાતના નવસારીથી એક-દોઢ કલાકના અંતરે આવેલું ઉનાઇ ગામ. એ આદીવાસી વીસ્તારમાં મીશનરી ઇસુ સંઘ દ્વારા સંચાલીત 'જીવન જ્યોત' સંસ્થા. આદીવાસી બાળકોના શીક્ષણ માટે સ્કુલ અને હોસ્ટેલ ઉપરાંત આદીવાસીઓના વીકાસ માટે વીવીધ પ્રવૃત્તીઓથી ધમધમતી સેવાભાવી સંસ્થા.

ત્યાંના એક યુવાન ફાધરે આદીવાસી યુવક-યુવતીઓ માટે અમારી એક સાત દીવસની નાટ્યશીબીરનું આયોજન કરેલું. તેઓ અમને લેવા જીપ લઇને નવસારી સ્ટેશને આવેલા. આ શીબીર માટે અમારી સાથે અમારા ઘનીષ્ઠ કલાકાર સાથી મંયકભાઇ (મંયક ઓઝા) પણ હતા.

રસ્તામાં સ્વાભાવીક રીતે જ અમે ફાધર સાથે, 1996થી દક્ષીણ ગુજરાતના આદીવાસી વીસ્તારોમાં હીન્દુત્વવાદી સંગઠનોએ, ખ્રીસ્તી આદીવાસીઓ અને અન્ય(અથવા તો કહેવાતા હીન્દુ આદીવાસીઓ) વચ્ચે તંગદીલી અને ઘર્ષણોનું જે વાતાવરણ ખડું કર્યું હતું, એના વીશે ચર્ચા થઇ. હીન્દુત્વવાદીઓએ ત્યાં 'ઘરવાપસી'નો પ્રયોગ શરુ કર્યો હતો. ('ઘરવાપસી' એટલે ખ્રીસ્તી આદીવાસીઓ ફરીથી હીન્દુ બને. અલબત્ત એ અલગ મુદ્દો છે કે આદીવાસીઓ ક્યારેય હીન્દુ હતાં જ નહીં)

ફાધરે જણાવ્યું કે, "અત્યારે ખ્રીસ્તી આદીવાસીઓ ખાસ્સાં ફફડી રહ્યાં છે. એમાંયે હવે નાતાલ આવવાની છે એટલે તો એમનો ફફડાટ ઔર વધી ગયેલો છે".

શીબીર શરુ થઇ. પચીસથી ત્રીસ જેટલાં શીક્ષીત આદીવાસી યુવક-યુવતીઓ. સાથે બે-ત્રણ માસ્તરો (માસ્તરો એટલે ખ્રીસ્તી સમુદાયના સ્થાનીક આગેવાનો). અમને લાવનાર યુવાન ફાધર અને બે યુવાન સીસ્ટરો પણ શીબીરમાં સામેલ

હતાં. પહેલા દીવસે સ્થાનીક સમસ્યાઓ વીશે ચર્ચા શરુ થઇ. શીક્ષણ, બેરોજગારી, જંગલ ખાતાંના અત્યાચારો, પોલીસોની કનડગત, સામાજીક કુરીવાજો, વગેરેની સાથે સાથે સાંપ્રદાયીક તંગદીલી વીશે પણ લંબાણપુર્વક ચર્ચાઓ થઇ.

સાંજે અમે એમને આનંદ પટવર્ધનની બહુચર્ચીત દસ્તાવેજી ફીલ્મ 'રામ કે નામ' બતાવી, ચર્ચી. રાત્રે અમે વીખેરાઇ રહ્યાં હતાં ત્યારે લગભગ આખો દીવસ મુંગોમંતર રહેલો એક યુવાન અમારી નજીક આવ્યો અને અત્યંત સંકોચ સાથે બોલ્યો, ''સર, આ ફીલ્મની કેસેટ અત્યારે મને આપશો?'' અમે આપી. ''કાલે પાછી આપી દઇશ'' કહેતો ઝપાટાભેર, લગભગ દોડતો દાદર ઉતરી ગયો.

બીજા દીવસે સવારે વ્હેલો એ અમારી રુમ પર આવ્યો. એના ચ્હેરા પર ગજબની ચમક હતી. એણે ફીલ્મની કેસેટ પાછી આપી અને બોલ્યો, ''સર, આપણે સાંપ્રદાયીકતાનો મુદ્દો નાટકમાં લેવો જ જોઇએ.'' મેં પુછ્યું, ''રાત્રે ફરી ફીલ્મ જોઇ ?'' ''ત્રણ વાર, સર. બીલકુલ ઉંઘ્યો જ નથી.'' અને ફરીથી દોડતો દાદર ઉતરી ગયો.

એ દીવસે સવારે રેફ્રેક્ટરીમાં ચા-નાસ્તો કરતાં કરતાં સેન્ટરના ઉપરી ફાધર સાથે નીર્ણય લેવાયો કે, શીબીરના છેલ્લા દીવસે ઉનાઇ ગામમાં રાત્રે નાટકનો જાહેર પ્રયોગ કરવો.

એ દીવસે લંચ સુધીમાં અમે નાટકના મુદ્દાઓને આધારે નાટક માટેનાં પ્રસંગો અને દશ્યોનું માળખું તૈયાર કરી દીધું. શીબીરમાં આવેલા એક માસ્તર માવલી*ના અચ્છા કલાકાર હતા. અમને માવલી માં રસ પડ્યો. અને નક્કી કર્યું કે નાટકનાં દશ્યોને જોડવાં તથા નાટકની માંડણી અને સમાપન માટે માવલીનો જ ઉપયોગ કરવો. નાટકનું નામ પણ નક્કી કરી દેવાયું —'અંધારીયા મલકની માવલી'.

બપોરે રેફ્રેક્ટરીમાં લંચનો સમય. ઉપરી ફાધર પોતાની થાળી લઇને અમારા ટેબલ પર સાથે આવીને બેઠા. જમતાં જમતાં એમણે નાટકના મુદ્દાઓ વીશે પુછ્યું. અમે જણાવ્યું. એમણે કહ્યું, ''સાંપ્રદાયીકતાનો મુદ્દો આપણો ના લઇએ. એનાથી





વાતાવરણ વધારે તંગ બનશે. અમે આ નાટક ગામેગામ ભજવવા માંગીએ છીએ''. અમે એમની સાથે ખાસ્સી ચર્ચા કરી. એમને સમજાવવાની કોશીશ કરી. પણ એ પોતાના અભીપ્રાય ઉપર મક્કમ રહ્યા.

લંચ પછી અમે શીબીરમાં સમયસર પહોંચ્યાં. પણ બાકીનાં તમામ અમારાથી વ્હેલા આવી દશ્યો- પાત્રોની ચર્ચામાં લાગી ગયેલાં હતાં. અમે સૌને એકઠાં કરી ઉપરી ફાધરના સુચન વીશે વાત કરી. તમામ યુવક-યુવતીઓ એકદમ ચુપ. થોડાંના ચ્હેરા પર નીરાશા અને થોડાંના ચ્હેરા પર ધસી આવેલો આક્રોશ. મામલો ગંભીર બનવા માંડ્યો. યુવાન ફાધર અને સીસ્ટરોએ એમનાં અલગ અલગ જુથ પાડી એમની સાથે આ મામલે ચર્ચા કરવા માંડી; કેમ કે, તેઓ ઉપરી ફાધરના સુચનની (લગભગ આદેશની) ગંભીરતા સમજતાં હતાં.

લગભગ સાંજ સુધી વાતાવરણ તંગ રહ્યું. યુવક-યુવતીઓ કોઇ પણ રીતે પોતાની જીદમાંથી હટવા તૈયાર નહોતાં. છેવટે તો વાત ત્યાં સુધી પહોંચી કે, સાંપ્રદાયીકતાનો મુદ્દો ન લોવાનો હોય તો અમે નાટક નહીં કરીએ. અમે અને યુવાન ફાધર તથા સીસ્ટરો મનોમન ખુશ થયાં. તે સમયે તો અમે એમને આદીવાસી સમસ્યાઓ વીશેની એક દસ્તાવેજી ફીલ્મ આપી, જોવા-ચર્ચવા કહ્યું. અને જણાવ્યું કે, અમે તમારી વાત અને લાગણી ઉપરી ફાધર સાથે ચર્ચીશું.

અમે અને યુવાન ફાધર ઉપરી ફાધરની રુમમાં પહોંચ્યા. લંચ પછી થયેલી પ્રક્રીયા અને યુવક-યુવતીઓના મીજાજ વીશે એમની સાથે ચર્ચા કરી. એમને મામલાની ગંભીરતા સમજાઇ પણ યુવક-યુવતીઓનાં જક્કી વલણથી તેઓ નારાજ થયા. છેવટે નક્કી થયું કે, યુવક-યુવતીઓની ઇચ્છા મુજબ જ નાટક તૈયાર કરવું. પણ છેલ્લા દીવસે ઉનાઇ ગામને બદલે ડીનર પછી સંસ્થાના એસેમ્બ્લી હોલમાં જ પ્રયોગ કરવો.

ત્રીજા દીવસે સવારે યુવક-યુવતીઓ ઉત્કંઠાથી અમારી રાહ જોઇ રહ્યાં હતાં. અમે એમને ઉપરી ફાધરનો નીર્ણય જણાવ્યો. બધાં ખુશખુશાલ થઇ ગયાં. અને અમે દશ્યો, પાત્રો, માવલી અને નાટકનાં દશ્યોની ગુંથણીનું કામ શરુ કર્યું. સૌ અત્યંત ઉત્સાહ

અને તલ્લીનતાથી નાટક તૈયાર કરવા મચી પડ્યાં. પછીના બધા જ દીવસો દરમીયાન સૌ વ્હેલી સવારથી મોડી રાત સુધી સ્હેજ પણ વીરામ લીધા વીના પ્રેક્ટીસ કરતાં રહ્યાં. રાત્રે અમે થાકી જઇએ તો કહે, તમે સુઇ જાવ, અમે જાતે પ્રેક્ટીસ કરતાં રહીશું. સવારે પણ અમે ચા-નાસ્તો કરીને પહોંચીએ એ પહેલાં તો સૌ નાહી-ધોઇ પરવારીને પ્રેક્ટીસ કરવા મચી પડ્યાં હોય.

છેલ્લા દીવસની રાત આવી. જમી પરવારી સૌ એસેમ્બ્લી હોલમાં એકઠાં થયાં. હોલ લગભગ આસપાસનાં તમામ મીશન સ્ટેશનોનાં ફાધરો-સીસ્ટરોથી અડધો ભરાયેલો હતો. અન્ય કોઇ પ્રેક્ષકગણમાં નહોતું. અમારા આયોજન પ્રમાણે જુથમાંથી એક યુવતી અને એક યુવકે શીબીરની પ્રક્રીયા અને નાટક વીશે શરૂઆતમાં ભુમીકા કરી. અને નાટક પછી તમામ પ્રેક્ષકગણને નાટક વીશે પોતાનાં અભીપ્રાયો, સુચનો આપવા આગ્રહ કર્યો.

નાટક શરુ થયું. લગભગ 40-45 મીનીટનું નાટક પાંચ જ દીવસની તૈયારીના પ્રમાણમાં સારી રીતે ભજવાયું. નાટક પુરું થતાં સૌ કલાકારો અર્ધવર્તુળાકારે પ્રેક્ષકો સામે અદબ વાળી ઉભાં રહી ગયાં. થોડાંઘણાં ફાધરો-સીસ્ટરોએ તાળીઓ પાડી એમને બીરદાવ્યાં. પછી ખાસ્સી વાર સુધી સમગ્ર હૉલમાં ગંભીરતાપુર્ણ ચુપકીદી છવાઇ ગઇ.

હવે ઉપરી ફાધર આગળ આવ્યા. એમણે નાટક વીશે સીધી વાત કરવાના બદલે ઇસુના શાંતી, કરુણા સદ્ભાવના, ક્ષમા અને પાડોશીને પ્રેમ કરવાના સંદેશાની વાતો કરતાં કરતાં આડકતરી રીતે નાટકમાંના સાંપ્રદાયીક તણાવના દશ્યની ઘણી ટીકા કરી. પછી એમણે સ્પષ્ટ રીતે કલાકારોને કહ્યું કે, જો આ દશ્ય તેઓ નાટકમાંથી કાઢી નાંખે તો જ આ નાટકનાં શો પુર્વઆયોજન પ્રમાણે ગોઠવશે, નહીં તો હવે એનાં શો નહીં થાય. છેલ્લે સૌને આશીર્વાદ આપી બેસી ગયા. પછી બે-ત્રણ બુઝુર્ગ ફાધરોએ એમની વાતને ટેકો આપ્યો. અમે કલાકારો અને યુવાન ફાધર તથા સીસ્ટરો સામે જોયું. પણ સૌ મુંગા બની રહ્યાં. છેવટે અમારા વતી મેં ઉભા થઇને સૌનો આભાર માન્યો. અને પછી સૌ કલાકાર સાથીઓને એમની મહેનત, લગની અને સાંપ્રદાયીકતાના મુદ્દાને વળગી રહેવા માટે ખુબ ખુબ અભીનંદન





આપ્યાં. મેં સૌને શેરીનાટકની પાયાની શરત વીશે પણ વાત કરી. શેરીનાટક એ શ્રમીકો, શોષીતોના વર્તમાનમાં ચાલતા સળગતા સવાલોથી અળગું રહી જ ના શકે. જો એ એ સવાલો ના ઉઠાવે તો બાકીના મુદ્દાઓ કે સંદેશાઓ એના લક્ષીત શોષીત સમુદાયના પ્રેક્ષકો સુધી પહોંચે જ નહીં. પ્રેક્ષકોને એવું નાટક પોતાનું ના લાગે.

વળી શેરીનાટક તો પ્રવર્તમાન સળગતા સવાલો વીશે પ્રેક્ષકો સાથે વાદ-વીવાદ છેડવાનું, ખુલ્લી ચર્ચાઓ કરવાનું માધ્યમ છે. એવું નાટક અને ચર્ચાઓ જ લક્ષીત પ્રેક્ષકોના અંતરને સ્પર્શી શકે, ખળભળાવી શકે.

મારી વાત પુરી થતાં તમામ પ્રેક્ષકો ચુપચાપ વીખેરાઇ ગયાં. હોલમાં માત્ર કલાકાર સાથીઓ, અમે અને યુવાન ફાધર, સીસ્ટરો જ હતાં. સૌના ગયાં પછી યુવાસાથીઓ જોરથી કીકીયારીઓ પાડતાં નાચવા-કુદવા માંડ્યાં. અમનેય એમનાં નાચમાં ખેંચ્યાં. યુવાન ફાધર અને સીસ્ટરોય એમના નાચમાં ભળ્યાં. જાણે કોઇ આદીવાસીઓનો મેળો હોય એવું વાતાવરણ સર્જાઇ ગયું.

થોડીવારમાં અચાનક આઇસ્ક્રીમની કોઠી અને રકાબી-ચમચીઓ આવી. અમને સમજાયું નહીં આઇસ્ક્રીમ ક્યાંથી આવ્યો, કોણ લાવ્યું. પણ વાત કરવાને બદલે બધાં આઇસ્ક્રીમ પર તુટી પડ્યાં. અને આઇસ્ક્રીમ ખાતાં ખાતાં કલાકારોએ કહ્યું, ‘‘ફાધર નહીં ગોઠવે તો અમે અમારી મેળે ગામેગામ આ નાટક ભજવીશું.’’

અમે ત્રણેય એક-બીજાં સામે જોઇ રહ્યાં. યુવાસાથીઓ રાત્રે બે વાગ્યા સુધી નાચતાં-ગાતાં રહ્યાં. અમને પણ સુવા જવા દેવા તૈયાર નહોતાં. છેવટે બે વાગે અમે વીખેરાયાં. સવારે પાંચ વાગે યુવાન ફાધર અમને જીપમાં નવસારી સ્ટેશન મુકવા આવવાના હતા.

સવારે છ — સાડા છએ અમે નવસારી સ્ટેશને ચા પીતાં પીતાં એકબીજાને જાણે કહી રહ્યાં હતાં —

‘‘ખરેખર એ યુવાસાથીઓને સલામ! જેમણે ભજવી -

"અંધારીયા મલકમાં ઉજાસની માવલી".

★ નોંધ : આજે 1998-'99ની નાતાલો દરમીયાન દક્ષીણ ગુજરાતના ઘણાખરા વીસ્તારોમાં ખ્રીસ્તી આદીવાસીઓ ઉપર થયેલ હીંસક હુમલા, તેમની જાન-માલની ખુવારી, નષ્ટ કરાયેલ ચર્ચો વગેરેની તવારીખો જોતાં આ અનુભવ આપની સાથે 'શૅર' કરવો એ દષ્ટીએ પણ વધુ જરુરી લાગે છે.

★ માવલી : દુનીયાભરના આદીવાસી સમુદાયો પાસે વીવીધ પ્રકારનાં કથાસ્વરુપો મોજુદ છે. દક્ષીણ ગુજરાતના ડાંગમાં એક એવું કથાસ્વરુપ છે જેને તેઓ 'માવલી' કહે છે. 'માવલી' એટલે ગાયનવાદન સાથે રજુ થતી કથા. એ થાળીસાર નામના વીશીષ્ટ વાંજીત્ર સાથે રજુ કરાય છે. થાળીસારમાં 12 કે 15 ઈંચનો વ્યાસ ધરાવતી કાંસા કે પીત્તળની થાળી હોય છે. થાળીની બરાબર વચ્ચે મીણની મદદથી બે કે ત્રણ ફુટ લાંબા બરુ કે નેતરની લાકડી ચોંટાડવામાં આવે છે. કલાકારના ખોળામાં થાળી મુકાય છે. કલાકાર બરુની લાકડી પર પોતાના બંને હાથ ધીમે ધીમે ઉપરથી નીચે નાજુકાઈથી ફેરવે છે. આમ સતત હાથ ફેરવવાથી કર્ણપ્રીય સુર નીકળે છે. એ સુરીલા સ્વર સાથે કલાકાર ગાતાં ગાતાં કથા રજુ કરે છે. માવલીના મુખ્ય કલાકારની સાથે સહાયક કલાકારોની ટુકડી હોય છે. એ ટુકડી વારે વારે પંક્તીના અંતે અથવા જે તે પ્રસંગના અંતે મુખ્ય કલાકારની કથામાં સાખ પુરાવે છે. માવલીમાં થાળીસારની સાથે ઢોલકવાદન પણ ઉપયોગમાં લેવાતું હોય છે.





## અનુભવ -4

### એ જીદ શાને માટે હતી ? નાટક કે મુક્તી ?

વીસમી સદીનો અંતીમ મહીલા મુક્તી દીન. સાલ 2000ની 8 માર્ચ. દક્ષીણ ગુજરાતના ડુંગરાળ પ્રદેશમાં આવેલું ઝંખવાવ. આદીવાસી બાળકોના શીક્ષણ તેમજ મહીલાઓના અધીકારો અને જાગૃતી માટે પ્રયત્નરત 'ઈસુ મંદીર' સંસ્થાના નેજા નીચે ચાલતી 'શાંતીનીકેતન હાઈસ્કુલ'.

એ સંસ્થાની સુત્રધાર સીસ્ટરો, સદીના એ અંતીમ 'મહીલા મુક્તી દીન'ને શ્રમજીવી, ગરીબ, અસ્તીત્વ માટે સતત સંઘર્ષરત આદીવાસી બેનોની મુક્તીની ઝંખનાઓને નાટ્યસ્વરુપે તૈયાર કરી, રજુ કરવા માંગતી હતી. એ માટે એમણે 8 માર્ચે સવારે મોટે પાયે નાટક ભજવણીનુ આયોજન કર્યું હતું અને નાટક લખવાની, તૈયાર કરાવવાની જવાબદારી સરુપબેન અને મને સોંપી હતી.

ફેબ્રુઆરી પ્રથમ સપ્તાહમાં સરુપબેને રુબરુ એ સંસ્થાના કાર્યક્ષેત્રની શ્રમજીવ-આદીવાસી બેનોની મુલાકાત લઈ એમને ડગલેને પગલે સતાવતી કૌટુંબીક હીંસાથી માંડીને વ્યાપક આર્થીક-સાંસ્કૃતીક વ્યવસ્થાઓ દ્વારા અવીરતપણે થઈ રહેલ એમનાં આર્થીક-શારીરીક-માનસીક શોષણની સમસ્યાઓ અને એ તમામથી મુક્તી મેળવવા એમની અંદર ગુંગળાતી ઝંખનાઓનો તાગ મેળવી આવ્યાં. અને એ મુક્તીની ઝંખનાઓને વ્યક્ત કરતાં એક ગીતની આસપાસ એમનાં વીવીધ શોષણોનાં અનુભવ-દશ્યોને ગુંથીને એક લગભગ એકાદ કલાકનું નાટક લખ્યું જેનું નામ હતું-

'ડુંગરા ડોલ્યા છે'.

આયોજન પ્રમાણે અમે બંને ફેબ્રુઆરીની છેલ્લી તારીખે નાટકની સ્ક્રીપ્ટ લઈને ઝંખવાવ પહોંચી ગયા. સંયોજક સીસ્ટર અનીસાએ એવું આયોજન કરેલ કે, એ નાટકમાં ભાગ લેનાર પંદરેક જેટલી આદીવાસી બેનો પણ ફેબ્રુઆરીના છેલ્લા

દીવસથી સંસ્થામાં આવી જાય અને 8 ફેબ્રુઆરીની બપોરે નાટકની ભજવણી પુરી થયા પછી જ ઘેર પરત જાય. તમામે તમામ બેનો પણ લગભગ અમારી જેમ જ નાટકની તૈયારી શરુ કરવાના અગાઉના દીવસે આવી ગઇ હતી.

વાસ્તવમાં આ એક કપરું આયોજન હતું. ખાસ કરીને સતત આઠ-નવ દીવસ પરીવારથી દુર રહેવું અને એ પણ નાટક ભજવવા. એમાંયે પરીણીત તથા બાળકોની માતાઓ બની ચુકેલ શ્રમજીવી મહીલાઓ માટે. વીસમી સદીના અંતે આપણી શીક્ષીત, શહેરી, મધ્યમવર્ગી નોકરીયાત, વ્યવસાયી મહીલાઓ માટે પણ જો એ અત્યંત મુશ્કેલ હોય તો પછી અંતરીયાળ વીસ્તારોમાં વસતી ગરીબ, નીરક્ષર મહેનતકશ બેનો માટે તો એ ખરેખર ડુંગરા ડોલાવવા બરાબરનો પડકાર હતો.

પણ એ બેનોએ એને ઝીલ્યો હતો. નાટક તૈયાર કરાવવાની જવાબદારી મારી હતી. પહેલી માર્ચની સવારથી નાટકની તૈયારી શરુ થઇ. મોટાભાગની બેનો નીરક્ષર હોવાથી લખાયેલું નાટક તૈયાર કરવામાં તકલીફો તો પડે જ. પણ બેનો હીંમત નહોતી હારતી. વ્હેલી સવારથી મોડી રાત સુધી સંવાદો યાદ રાખવા કોશીશો કરતી રહેતી. એમનો એ ઉત્સાહ મારા માટે પણ ઇંધણ પુરવાર થતો.

ધીરે ધીરે નાટક તૈયાર થવા માંડ્યું. બેનો વચ્ચે ગજબની એકતા હતી. કોઇ હતાશ થતું તો બીજી બેનો એને પ્રોત્સાહીત કરતી, એને પડખે ઉભી થઇ જતી. સાતેક દીવસ પહેલાં સુધી કપરું લાગતું કાર્ય લગભગ એના અંતીમ ચરણ સુધી પહોચ્યું.

7 માર્ચની સવાર. અમે આગલે દીવસે ઠરાવ્યા પ્રમાણે આજે આખો દીવસ નાટકની પ્રેક્ટીસ સંસ્થાના પ્રાંગણમાં આવેલ વીશાળ મેદાનમાં આવેલ ખુલ્લા સ્ટેજ ઉપર કરવાના હતા. જેથી બીજા દીવસે આસપાસના વીસ્તારોમાંથી નાટક જોવા આવનાર હજારથી વધુ આદીવાસી-શ્રમજીવી ભાઇઓ-બેનો સામે એ જ સ્ટેજ પરથી નાટક ભજવવાની બેનોને સરળતા રહે.

ગોઠવણ મુજબ નાટકની શરુઆતથી અંત સુધી પંદરેપંદર બેનોએ સ્ટેજ પર જ





રહેવાનું હતું. કેમ કે, એ આખું યે નાટક કોરસની ડીવાઇસ વડે રજુ થતું હતું. પ્રત્યેક દશ્યમાં તમામ કલાકારની કોઇને કોઇ ભુમીકા રહેતી.

સવારના નવના ટકોરે બેનો સ્ટેજ પર તૈયાર થઇ પોતપોતાનાં સ્થાને ગોઠવાઇ ગઇ હતી. રીહર્સલ શરુ થયું. અચાનક મારું ધ્યાન ગયું. એક બેન સ્ટેજ પર નહોતી. મેં આસપાસ જોયું. ન દેખાઇ. ત્યાં જ ગેરહાજર બેનનો સંવાદ આવતા બીજી બેને બોલી લીધો. મેં રીહર્સલ અટકાવી ગેરહાજર બેન વીશે પુછ્યું. બધી જ બેનો ચુપ. કોઇ કાંઇ બોલે નહીં. મેં આગેવાન જેવી એક બેનને પુછ્યું. એણે કહ્યું, ‘‘આવતી જ છે... ચાલુ રાખો’’.

રીહર્સલ ચાલુ થયું. લગભગ સાડાદસે અમે વીરામ પાડ્યો. બેનો ચા પીવા માંડી. મેં સીસ્ટર અનીસાને ગેરહાજર બેન માટે પુછ્યું. એમણે કહ્યું, ‘‘મેં સવારે આઠેક વાગે એને તૈયાર થઇ બજાર ભણી જતી જોયેલી. હું તપાસ કરું છે. તમે પ્રેક્ટીસ ચાલુ રાખો’’.

રીહર્સલ ચાલુ થયું. ચાલતું જ રહ્યું. લંચ બ્રેક પડ્યો. મેં લંચ સમયે ફરી સીસ્ટરને પુછ્યું. એમણે કહ્યું, ‘‘બધી બેનોને મારા જેટલી જ ખબર છે. મેં એના ગામમાં તપાસ કરાવવા માણસ મોકલ્યો છે’’.

લંચ પછી ફરી રીહર્સલ શરુ થયું. એ બેનના સંવાદો અને દશ્યો બીજી બેનો એવી રીતે ભજવતી હતી કે, એની ખોટ ના સાલે. મોડી બપોરનો લગભગ ચારેકનો સુમાર. રીહર્સલ ચાલુ હતું. અચાનક પેલી બેન આવી. ચુપચાપ સ્ટેજ પર પહોંચી ગઇ અને પોતાનો અભીનય અને સંવાદો બોલવા ચાલુ કરી દીધાં. એ એવી રીતે વર્તતી હતી કે જાણે કશું બન્યું જ ના હોય.

પણ વાસ્તવમાં એની સાથે કંઇક ગંભીર બન્યું હતું - એ સ્પષ્ટ દેખાતું હતું. એના બ્લાઉઝની બાંય એક બાજુથી અડધી ચીરાયેલી હતી. સાડી અસ્તવ્યસ્ત અને ધુળ વગેરેના ડાઘાવાળી હતી. રોજ ચીવટપુર્વક સુંદર રીતે તૈયાર થતી, વાળમાં ફુલ સાથે જ આવતી એ બેનની આ સ્થીતી મારા માટે ચીંતાજનક હતી. પણ સવારથી

અત્યાર સુધીના મારા એ ગ્રુપ સાથેના અનુભવે મને ખાતરી હતી કે – હું પુછીશ તો પણ એ કે બીજી કોઇ બેન મને જવાબ નહીં આપે. ત્યાં જ સીસ્ટરે આવીને મને કાનમાં કહ્યું:

"હીરેનભાઇ, અત્યારે એને પ્રેક્ટીસ કરવા દો. એ કાલે શો પણ કરશે. આપણે રાત્રે ડીનર વખતે વાત કરીશું".

રીહર્સલો ચાલતાં રહ્યાં. મોડી સાંજે રીહર્સલ સમેટતાં મેં સૌ બેનોને છેલ્લી છેલ્લી સુચનાઓ આપી. પ્રોત્સાહન આપી બીજા દીવસ માટે રાત્રે શાંતીથી આરામ કરવા જણાવ્યું. રાત્રે 8.30. ડીનર ટેબલ. સીસ્ટર મારી સાથે આવીને બેઠાં. એમણે જે કહ્યું એ સાંભળીને હું તો અવાક્ જ બની ગયો. એમણે કહ્યું:

"એ બેન સવારે વેણી લેવા બજાર ગઇ હતી. ત્યાં એનો પતી જે પોલીસમાં હવાલદાર છે તે આવ્યો. એ અઠવાડીયે એક જ દીવસ ઘેર આવે છે. દુરના ગામમાં એનું પોસ્ટીંગ છે. એને ઘેર આવતાં જ ખબર પડી કે પત્ની નાટક કરવા ઝંખવાવ આવી છે. સીધો સાયકલ લઇને એ અહીં આવ્યો તો બજારમાં જ પત્નીને જોઇ. એને પકડીને સીધો ઘેર લઇ ગયો અને ખુબ મારી. બપોરે એને પાછા ડ્યુટી પર જવાનું હતું એટલે આને ઘરમાં પુરી, તાળું મારીને જતો રહ્યો. ઘરમાં બે જણ એકલાં જ રહે, એટલે બીજું કોઇ હતું નહીં. અને આદીવાસી ગામોને તો તમે જાણો છો. છુટાં છવાયાં ઘર હોય. આ બેન એના પતીના ગયા પછી એક બારી તોડીને પાછી અહીં આવી ગઇ છે!"

અમે મનોમન એ બેનને સલામ કરી. બીજા દીવસ સવારની તૈયારીઓ વીશે ચર્ચા કરી અમે છુટાં પડ્યાં.

બીજા દીવસે વ્હેલી સવારથી જ આજુબાજુનાં ગામો, વીસ્તારોમાંથી ભાઇઓ-બેનો સંસ્થાના કેમ્પસમાં જમા થવા માંડ્યાં હતાં. નાટક લગભગ અગીયાર વાગે શરુ થવાનું હતું. નાટકના સમય સુધીમાં તો કેમ્પસ લગભગ ભરચક થઇ ગયું. લગભગ પંદરસોથી વધુ લોકો નાટક જોવા આવ્યા હતા.





નાટક શરુ થયું. બેનોએ પ્રમાણમાં એમની ક્ષમતા પ્રમાણે સરસ રીતે ભજવ્યું. પ્રેક્ષકોને પણ ખુબ ગમ્યું. લગભગ લંચ સમયે 8 માર્ચનો કાર્યક્રમ સમેટાયો. લંચ પછી બેનો સાથે અમે અને સીસ્ટરે ફીડબેક સેશન કરી. બહેનોની મહેનત, સમયપાલન, શીસ્ત તથા સરસ રજુઆત માટે પ્રશંસા કરી. બેનો પણ શીબીરથી ખુશ અને ઉત્સાહીત હતી. નાટકના આગળના પ્રયોગોનું આયોજન કરાયું.

અમે અમદાવાદ પરત આવ્યાં. લગભગ બેએક અઠવાડીયાં બાદ સીસ્ટરને પછીના પ્રયોગો અને એના ફીડબેક જાણવા ફોન કર્યો ત્યારે સમાચાર મળ્યા કે, એ ગ્રુપની આગેવાન બુઝુર્ગ બેનના હાથે ફ્રેક્ચર થયું છે. 'કેવી રીતે?' પુછતાં જ સીસ્ટરે જે કહ્યું એ કંપારી છોડાવી દે એવું હતું.

"હીરેનભાઇ, એ બેનનો પતી નાટક જોવા આવ્યો હતો. રાત્રે બેન ઘેર પહોંચી એની સાથે જ એણે એ બેનને ઢોર માર માર્યો; નાટક ભજવવા બદલ. એના હાથે ફ્રેક્ચર થઇ ગયું. બીજા દીવસે સવારે જ એ બેન અહીં આવી ગઇ. એના પતીને એવું કહીને કે-

"હું તો નાટક કરવાની! આ ચાલી!"

"હવે?" મેં સીસ્ટરને પુછ્યું.

"બે દીવસ પહેલાં જ એનો પતી એનાં છોકરાંઓ સાથે અહીં આવીને એની માફી માંગીને એને ઘેર લઇ ગયો. અને મને કહેતો ગયો કે એ નાટક કરવા આવશે. મારી ભુલ થઇ ગઇ. મને માફ કરો".

સાથીઓ, શું કહીશું એ બંને બેનોની જીદને. શાની જીદ હતી એ ? નાટક ભજવવાની ? કે પછી પોતાની સ્વતંત્રતા માટેની ? મુક્તીની ?

## અનુભવ-5

### સલામ ! સલામ ! સલામ ! કે બીજું કાંઇ?!

1993નું વર્ષ. મે માસ. વડોદરાની 'જીવન દર્શન' સંસ્થા. ગુજરાત ઇસુ સંઘનું એક તાલીમ કેન્દ્ર.

ઉનાળુ વેકેશન હોવાના કારણે, ઇસુ સંઘની શૈક્ષણીક પ્રવૃત્તીઓ સાથે સંકળાયેલ એક ફાધરે ઇસુ સંઘ દ્વારા સંચાલીત કેટલીક પ્રાથમીક શાળાઓનાં શીક્ષકો માટે એક નાટ્યલેખન અને તાલીમ શીબીરનું આયોજન કર્યું હતું. શીબીરનો મુખ્ય હેતુ, શીક્ષકોમાં પોતાના સમાજ, સમુદાયમાં જાગૃતી આણવા માટેની સજ્જતા આવે તથા નાટકના માધ્યમ દ્વારા તેઓ એ જાગૃતીનો પ્રસાર કરી શકે - એ હતો. ખેડા, આણંદ, નડીયાદ વીસ્તારમાંથી લગભગ 28-30 દલીત ખ્રીસ્તી શીક્ષકો શીબીરમાં સામેલ હતા. ઉપરાંત દક્ષીણ ગુજરાતમાંથી ચાર આદીવાસી શીક્ષકો પણ તાલીમ માટે આવ્યા હતા. તમામ શીક્ષક ભાઇઓ જ હતા, બેનો એક પણ નહોતી.

પ્રથમ બે દીવસ તો પરીચય, શીબીરના હેતુઓ, શીબીરાર્થીઓની શીબીર વીશેની અપેક્ષાઓ, તેમનાં વીસ્તારો તથા સમાજોમાં પ્રવર્તતી સમસ્યાઓ, સામાજીક કુરીવાજો, રુઢીઓ, પરંપરાઓ, સામાજીક બદીઓ વગેરે વીશે તથા નાટકની સામાજીક ભુમીકા, એનું બંધારણ, દશ્યો, પાત્રો, દષ્યગુંથણી વગેરે વીશે પ્રાથમીક, પાયાગત ચર્ચાઓ થઇ. બીજા દીવસના અંતે દલીત શીક્ષકોના ચાર અને આદીવાસી શીક્ષકોનું એક - એમ પાંચ જુથ પાડ્યાં. દરેક જુથે બીજા દીવસે સવારે પોતાને ઠીક લાગે એવી પોતાના સમાજની કોઇ એક સમસ્યા વીશે નાટકની રુપરેખા તૈયાર કરીને લાવવાનું ઠરાવાયું.

ત્રીજા દીવસે શીબીર શરુ થવાના સમયે અમે તાલીમ ખંડમાં પહોંચ્યા ત્યારે આદીવાસી ટુકડી કોઇ નાટકની પ્રેક્ટીસ કરી રહી હતી. અમે ચુપચાપ બેસી





જોતાં રહ્યાં. ધીરે ધીરે તમામ સાથીઓ આવી ગયા. સોંપાયેલ જુથકાર્યની રજુઆતો અને ચર્ચાઓ શરુ થઇ. દલીત શીક્ષકોએ કન્યાવીક્રય, મહેતર પ્રથા, શીક્ષણની અવગણના જેવી દલીત સમાજની આંતરીક સમસ્યાઓ વીશે નાટકનાં માળખાં તૈયાર કર્યાં હતાં.

આદીવાસી જુથનો વારો આવતાં એમણે કહ્યું — ''અમે નાટક ભજવીને બતાવીએ ?'' અમારા સહીત સૌ કોઇ આશ્ચર્યમાં ગરકાવ. જુથના આગેવાને કહ્યું, ''બરાબર તૈયાર નથી થયું. પણ અમે રાત્રે જ આખું લખી નાખ્યું છે. અને સવારથી પ્રેક્ટીસ કરીએ છીએ''. અમારા અનુભવના કારણે અમને ખ્યાલ હતો કે, સામાન્ય રીતે આદીવાસીઓ લખવા-વાંચવા કરતાં બોલવા -સાંભળવામાં વધુ રસ ધરાવતાં હોય છે. નાટ્યશીબીરોમાં પણ દશ્ય ભજવતાં -ભજવતાં ઇમ્પ્રોવાઇઝ કરવાનું એમને વધુ ફાવે છે. લેખેલા સંવાદો એમને એટલા અનુકુળ નથી આવતા. આ એમની સાંસ્કૃતીક વીશેષતા અને વારસો છે.

અમે એમને ભજવીને દશ્યરચના,પાત્રો અને દશ્યગુંથણી રજુ કરવા કહ્યું. અને એ પછીના અડધા કલાકમાં એમણે જે નાટ્યકથા રજુ કરી, એણે, મને ને સરુપબેનને તો આભાં જ બનાવી દીધાં! આવી નાટ્યકથા ?! આવી દશ્યગુંથણી ?! આટલાં સચોટ પાત્રો ?! અમારી પાસે તો હવે એ તમામને મઠારવા સીવાય કશું કાંઇ કરવાનો અવકાશ જ નહોતો.

આપણા અત્યારના (આ પુસ્તીકાના) હેતુ માટે તો એ સાથીઓએ રજુ કરેલ નાટ્ય માળખાના કથાસાર ઉપર જ નજર નાખવી જરુરી છે.

નાટકનું પ્રારંભીક દષ્ય છે એક ચાલતી ટ્રેનના ડબ્બાનું. એક છ-સાત વર્ષનો આદીવાસી, મેલોઘેલો છોકરો એક હાથની મુઠ્ઠીમાંની બે આંગળીઓ વચ્ચે પટ્ટીઓ જેવા પથ્થરના બે સપાટ ટુકડાને બીજા હાથની આંગળીઓથી લયબધ્ધ રીતે ટકરાવતો ટકરાવતો એના લય પ્રમાણે બુલંદ સ્વરે ભજન ગાતો ગાતો ભીખ માંગી રહ્યો છે.

એ પછીનું દૃષ્ય ફ્લેશબેકમાં શરુ થાય છે. આદીવાસી પરીવારનું એક લાકડાં, ઘાસફુસ અને થોડાં પતરાંવાળું ઘર. યુવાન પતી નીરાશ અને ચીંતાતુર ચ્હેરે વરંડામાં બીડી પીતો બેઠો છે. એનું દોઢ-બે વર્ષનો દીકરો આંગણાંમાં રમી રહ્યો છે. ઘડીક રહી, પતી પત્નીને બોલાવીને કહે છે કે, એ એના એક દોસ્તને ખેતરમાં મળવા જાય છે. કદાચ એના ભેગું એનેય ખેતરમાં મજુરીનું કામ મળી જાય. એ ઉભા ઉભા બીડી સળગાવી રવાના થાય છે. પત્ની ઘરમાં જાય છે. દીવાસળીની પેટી આંગણામાં પડી ગઇ હોય છે.

ત્રીજું દશ્ય ખેતરમાં. બેરોજગાર યુવાન દોસ્તને આપવીતી જણાવે છે. ગામમાં એક હીરાની ઘંટી ચાલતી હતી તેમાં એ યુવાન કારીગરીનું કામ કરી સારું કમાતો હતો. પણ દુર સુરતમાં હીન્દુ-મુસ્લીમ રમખાણો લાંબા ચાલતાં ત્યાંની ઘંટીઓ અને હીરાબજાર બંધ પડતાં એની ઘંટી પણ બંધ થઇ ગઇ. એક મહીનાથી એની પાસે કોઇ કામ નથી. હવે ઘર ચલાવવામાં પણ ખેંચ પડવા માંડી છે.

વાત ચાલતી હોય છે ત્યાં જ ગામનું કોઇ દુરથી બુમો પાડી એને જણાવે છે કે, એના ઘરમાં આગ લાગી છે. બંને દોસ્તારો હાંફળા-ફાંફળા ભાગે છે ઘર ભણી.

ઘર બળીને લગભગ ખાખ થઇ ગયું છે. એની પત્ની પણ આગમાં સળગી ઉઠતાં મૃત્યુ પામી છે. આંગણાંમાં રમતો દીકરો હાથમાં માચીસ સાથે રડતો, ભેંકડા તાણતો ઉભો છે. આગ બુઝાવવા આવેલા પાડોશીઓ એને છાનો રાખવા મથી રહ્યાં છે. દીકરો પીતાને જોતાં દોડતો આવી, વળગી પડે છે અને મોટે મોટેથી રડે છે. બેરોજગાર પતી અને એનો દોસ્તાર હતપ્રભ.

મોડી રાતનો સમય. ખાખ થઇ ગયેલાં ઘર આગળ પેલો યુવાન અને એનો દોસ્ત બેઠા છે. દીકરો ખોળામાં જંપી ગયો છે. દોસ્ત સાંત્વન આપતાં એને કહે છે કે, મજુરીનું તો થઇ પડશે. પહેલાં કાલે રાત્રે અંધારામાં જંગલમાં જઇ લાકડાં લઇ આવીએ અને તારું છાપરું બનાવી દઇએ. યુવાનને હજુ કાંઇ સુઝ નથી પડતી. લગભગ મુઢ થઇ ગયેલો છે. દોસ્તાર એને હીંમત અને આશ્વાસન આપતાં આપતાં બીજા દીવસે રાત્રે જંગલમાં ઘર માટે લાકડાં લેવા જવા સંમત કરે છે.





બીજા દીવસની મધ્યરાત્રી. બંને દોસ્તો જંગલમાં ઝાડ કાપી રહ્યા છે. અચાનક જંગલ ખાતાવાળા આવીને બંનેને પકડી લે છે. બંને આજીજીઓ કરે છે, કાલાવાલાં કરે છે, એમને પોતાના સંજોગો સમજાવવા મથે છે. પણ પથ્થર પર પાણી.

જંગલ ખાતાની કચેરીમાં ગામનો સરપંચ અને વાણીયો જંગલ અધીકારીને આ બંનેને પૈસા લઇ છોડી દેવાની ગોઠવણ કરવા સમજાવી રહ્યા છે. પાંચ હજારમાં સોદો પાકો થાય છે. પાંચ હજારમાં એમનો ભાગ પણ નક્કી થાય છે.

સરપંચ અને વાણીયો બંને યુવાનોને પાંચ હજારમાં છોડાવવાની વાત કરે છે. બંને લાચારી બતાવે છે. એકનું બધું ખાખ થઇ ગયું છે અને બીજા ખેતમજુર પાસે માંડ પાંચસો રૂપીયા છે. વાણીયો વ્યાજે પાંચ હજાર આપવા તૈયાર થાય છે. બંને યુવાનો કમને, નાછુટકે ઉંચા વ્યાજે દેવું કરવા તૈયાર થાય છે. બંને કેદમાંથી છુટે છે.

બેરોજગાર યુવાન દીકરાને આંગળીએ વળગાડી દર દર ભટકે છે – મજુરી શોધવા. પણ કદીક છુટક કોઇ કામ મળે છે, બાકી એ જ નીરાશા અને પેટમાં વધતી જતી ભુખ. છેવટે એ જીવલેણ માંદગીમાં પટકાય છે અને મૃત્યુ પામે છે.

ફરીથી, ટ્રેનનો ડબ્બો. બીજું એક ભજન લલકારતો પેલો ભીખારી બાળક. આ એ જ બાળક છે – બેરોજગારીથી મૃત્યુ પામેલ પીતા અને આગમાં ભડથું થઇ ગયેલ માતાનું એકનું એક અનાથ સંતાન! ટ્રેન ચાલતી જ રહે છે. અવીરત.

સાથીઓ, નાટકની કોઇ પ્રકારની તાલીમ કે સુગ્રથીત નાટકોના કોઇપણ પ્રકારના એક્સપોઝર કે અનુભવ વીનાના એ આદીવાસી સાથીઓએ પોતાના ગામમાં બનેલી એક સત્યઘટનાને એક જ રાતમાં કેટલું સચોટ અને સટીક નાટ્યરુપ આપી દીધું ! શું કહીશું આ સાથીઓને ?

સલામ! સલામ! સલામ! કે બીજું કાંઇ?!

★ **નોંધ :** એ શીબીર દરમીયાન થોડું મઠારીને તૈયાર થયેલ આ નાટકના દક્ષીણ ગુજરાતના આદીવાસી વીસ્તારોમાં અનેક પ્રયોગો થયા હતા.

## અનુભવ-6

## શહેરી ગરીબો-શ્રમીકો અને વીકાસની આંધી

1987. સુરત શહેરના આધુનીકીકરણનો પ્રારંભીક તબક્કો. સુરતના હાર્દમાં આવેલો મજુરા ગેટ વીસ્તાર. લગભગ અઢી હજાર જેટલા કાચાં-પાકાં મકાનો - ઝુંપડાંની મસમોટી બસ્તી.

ગુજરાતનાં અને દેશનાં મોટાં શહેરોમાં આધુનીકીકરણની આંધી તો સીત્તેરના દાયકાના ઉત્તરાર્ધથી શરુ થઇ ગઇ હતી. અને એનો સૌથી વધુ ભોગ શહેરી ગરીબો, શ્રમીકો - જેઓ મુખ્યત્વે દલીતો, પછાત કોમો અને લઘુમતી કોમોના લોકો હતા તેઓ - બની રહ્યાં હતાં. કહેવાની જરુર ખરી કે આજે એ આંધી ચરમસીમાની નજીક જ છે.

ખેર, આપણે સુરતના મજુરાગેટ વીસ્તારની વાત કરી રહ્યા હતા.

મજુરા ગેટની બસ્તી હટાવવાની તજવીજ તો ક્યારની શરુ થઇ ચુકી હતી. અને કેટલાંક કર્મશીલો, બુધ્ધીજીવીઓ એ વીસ્થાપનનો વીરોધ કરી રહ્યાં હતાં. તો કેટલાંક વળી ન્યાયી પુનઃવાસની માંગ આગળ ધરી રહ્યાં હતાં. આ પ્રયાસોને કારણે ગુજરાત હાઇકોર્ટે સુરત મ્યુનીસીપલ કોર્પોરેશનને આદેશ આપ્યો હતો કે, પ્રત્યેક વીસ્થાપીત થનાર પરીવારને 10 ફુટ X 10 ફુટના પ્લોટ આપ્યા પછી જ બસ્તી હટાવવી. કોર્પોરેશને શહેરથી દુરના વીસ્તારોમાં પ્લોટો ફાળવી અચાનક 1987ના માર્ચ મહીનામાં બસ્તી ખાલી કરાવવાની ગતીવીધીઓ શરુ કરી. બસ્તીનાં બાળકોની વાર્ષીક પરીક્ષાઓનો સમય હતો. બસ્તી નીવાસીઓએ વીરોધ શરુ કર્યો હતો. એમાંયે બસ્તીના યુવાઓએ પણ મોર્ચો સંભાળ્યો હતો. એમનામાં કોર્પોરેશન સામે લડી લેવાનું ખમીર હતું પણ એમની વચ્ચે સંગઠન નહોતું.

મજુરા ગેટથી થોડે જ દુર આવેલી આર.ટી.ઓ. ઓફીસ અને એની બીલકુલ બાજુમાં આવેલી 'નવસર્જન' સંસ્થા. એ સંસ્થા દ્વારા સંચાલીત 'મફત કાનુની





સહાય' કેન્દ્ર. પેલા યુવાઓ ત્યાં કાનુની માર્ગદર્શન માટે પહોંચી ગયા. એ કેન્દ્રના એક સુત્રધાર ફાધર અમલરાજ બસ્તી નીવાસીઓ વતી હાઇકોર્ટમાંથી બસ્તી હટાવવા સામે સ્ટે ઓર્ડર લઇ આવ્યા.

એ પછી ફાધર અમલરાજે મારો અને સરુપબેનનો સંપર્ક કર્યો. હેતુ હતો યુવાનો સંગઠીત થાય એ માટે નાટ્ય શીબીરો કરાવવાનો. જેથી એ ખમીરવંતા યુવાનોમાં જાગૃતી આવે, તેમની વચ્ચે એકતા આવે. એ યુવાઓ મુખ્યત્વે પેલા શોષીત સમુદાયોમાંથી આવતા હતા એટલું જ નહીં, તેમની વચ્ચે પ્રાંતીયતાનો ભેદ પણ હતો.

અમે એમની સાથે નાટ્યરમતોથી શરુઆત કરી, પછી ધીરે ધીરે એમની બસ્તીની અને બસ્તીનાં નીવાસીઓની સમસ્યાઓ વીશે વીગતે ચર્ચાઓ શરુ કરી. ત્યાર પછી દેશભરનાં શહેરી ગરીબોની સમસ્યાઓ વીશે વાતો શરુ કરી. આનંદ પટવર્ધનની 'મુંબઇ હમારા શહર' દસ્તાવેજી ફીલ્મ દ્વારા આ સમસ્યાઓની વ્યાપકતા અને સ્થાપીત હીતોનાં વલણો વીશે ચર્ચાઓ કરી.

ક્રમશઃ એ યુવાઓએ પોતાના અનુભવોને દેશભરના શહેરી ગરીબો-શ્રમીકોના વીસ્થાપનોના અનુભવોને સાંકળીને નાનાં નાનાં ઇમ્પ્રોવાઇઝેશન્સ તૈયાર કરવા માંડ્યાં. એ પ્રક્રીયાને કારણે પોતાની સમસ્યાઓ પ્રત્યેની એમની દષ્ટી વધુ વ્યાપક બનવા માંડી. તેઓ પોતાની વચ્ચેના જ્ઞાતી, જાતી, ધર્મ-સંપ્રદાય, પ્રાંતના ભેદો ભુલી કોર્પોરેશન સામેના આંદોલન માટે સંગઠીત થવા માંડ્યા.

'નવસર્જન' અને અન્ય સંસ્થા-સંગઠનો, કર્મશીલો, બુધ્ધીજીવીઓના કારણે એમનું આંદોલન મજબુત બનતું ગયું. છેવટે કોર્પોરેશન ઝુકી. બસ્તી નીવાસીઓની માંગ મુજબ માર્ચના બદલે ઉનાળુ વેકેશન સુધી એણે બુલડોઝરો ન ફેરવવા તૈયાર થવું પડ્યું. વળી હાઇકોર્ટે એ પણ આદેશ કર્યો કે, બસ્તીનીવાસીઓને વીજળી, પાણી જેવી પ્રાથમીક સવલતો સહીતના 15 ફુટ X 12 ફુટના પ્લોટ્સ ફાળવવા. કોર્પોરશને એ બધું જ મંજુર રાખવું પડ્યું. છેવટે મજુરા ગેટની બસ્તીને સુરતના બહારી વીસ્તારો - ભટાર, પાંડેસરા અને તાડકેશ્વરમાં પુનઃવસીત કરાવ્યાં.

1989 કે '90માં અમે ફરી 'નવસર્જન' નાટ્ય તાલીમ માટે ગયેલા. આ વખતે એ સંસ્થા દ્વારા દક્ષીણ ગુજરાતના આદીવાસી વીસ્તારોના યુવાનો માટે શરુ કરાયેલ 'બેરફુટ લોયર્સ'ની તાલીમ માટે શીબીર યોજાઇ હતી. એ દરમીયાન અમે ફરી એ મજુરા ગેટના ત્રણ વીસ્તારોમાં વીભાજીત થઇ ગયેલ યુવાનોની મુલાકાત લીધી. જે વાસ્તવીકતાઓ જાણવા મળી એ અત્યંત ચોંકાવનારી હતી.

ત્રણેય બસ્તીનાં લોકો જ્ઞાતી-જાતી, ધર્મ-સંપ્રદાયમાં બીલકુલ વ્હેંચાઇ ચુક્યાં હતાં. ચોમાસા દરમીયાન એ બસ્તીઓની અંદર જવું કે બહાર નીકળવું બીલકુલ દુષ્કર બની હતું હતું. એથીયે વધારે ચીંતાજનક વાસ્તવીકતા એ હતી કે – અમારી શીબીર દરમીયાન ગરીબ-શ્રમજીવી એકતા, સંગઠન ભણી જઇ રહેલ યુવાનો માત્ર બે-ત્રણ વર્ષના ગાળામાં જ તદ્દન સામસામા છેડે જતા દેખાયા. ચુંટણીનો માહૌલ હતો. એક બસ્તીમાં યુવાનો ભા.જ.પ – શીવસેનાનો પ્રચાર કરવામાં મશગુલ હતા તો બીજી બસ્તીઓમાં એક સમયના ડૉન હાજી મસ્તાને શરુ કરેલ રાજનૈતીક પાર્ટીની જીત માટે દીવસ-રાત એક કરી રહ્યા હતા.

અમને યાદ આવ્યું કે, 1987માં આ યુવાનોએ મજુરા ગેટના આંદોલન માટે પોતાના સંગઠનનું સુત્ર બનાવ્યું હતું-

''હમ કીસી સે કમ નહીં''.

પણ આજે ?

નાટ્ય શીબીરો નીમીત્તે સાંસ્કૃતીક કર્મશીલો તરીકે અમને શહેરી ગરીબ-શ્રમીક યુવાઓએ શીખવાડેલો આ પાઠ, અથવા કહો કે, વીકાસની વર્તમાન આંધીના પ્રારંભકાળે થયેલો આ અનુભવ, ગરીબો-શ્રમીકો વીશેના અમારા ખ્યાલો અને પક્ષપાતોમાં નાનકડા ધરતીકંપ સમો બની ગયો.

નાટ્ય શીબીરોનું વામણાપણું, એની નીરર્થકતા અમારા દીલોમાં શુળની માફક ભોંકાઇ રહી હતી!





**અનુભવ-7**

## સંસ્કૃતીની રાજનીતી,

## રાજનીતીની સંસ્કૃતી !

1986નું વર્ષ.

કશ્મીર યુનીવર્સીટીનાં 'માસ્ટર ઓફ ડેવલપમેન્ટલ કમ્યુનીકેશન'ના પ્રથમ વર્ષનાં વીદ્યાર્થી-વીદ્યાર્થીનીઓ અમદાવાદ, ગુજરાતમાં 'સ્ટડી ટુર' નીમીત્તે પંદર દીવસ માટે આવ્યાં હતાં. અમદાવાદ 'ઇસરો'ના 'ડેવલપમેન્ટલ એન્ડ એજ્યુકેશનલ કમ્યુનીકેશન યુનીટ' (ડેકુ) દ્વારા એમની ટુરનું સંયોજન થઇ રહ્યું હતું. એમના ગ્રુપમાં ચારેક જેટલી વીદ્યાર્થીનીઓ હતી; જેમાંની બે હીન્દુ હતી અને અગીયાર કે બાર વીદ્યાર્થીઓમાં એક શીયા મુસ્લીમ હતો, બાકીનાં તમામ સુન્ની મુસ્લીમ.

અમારે એ વીદ્યાર્થી યુવક-યુવતીઓને બે દીવસની શેરીનાટકની તાલીમ આપવાની હતી. અલબત્ત, એ અગાઉ હું એ ગ્રુપને પંચમહાલના ગ્રામીણ વીસ્તારોમાં ચાલી રહેલ વીકાસ માટેના સ્વૈચ્છીક સંગઠનોની મુલાકાતે ત્રણ દીવસ માટે લઇ ગયો હતો. મેં નોંધેલું કે એમને સૌને માટે તેમની સૌ પ્રથમ 'ભારત'ની મુલાકાતનો રોમાંચ વધારે મહત્ત્વનો હતો. તેમની વચ્ચે હીન્દુ-મુસ્લીમો વીશેનો ભેદભાવ જરા પણ નહોતો. જે થોડોઘણો આંતરીક તણાવ દેખાતો હતો તે શીયા-સુન્ની વચ્ચેનો હતો.

શેરીનાટકની તાલીમ બે જ દીવસની હોવાથી અમે એમને શેરીનાટકનાં સ્વરુપ અને એની ઉપયોગીતા વીશે થોડો અંદાજ મળે એ હેતુથી, અમારા 'સંવેદન સાંસ્કૃતીક મંચ' દ્વારા તે સમયે અમદાવાદ-ગુજરાતમાં ચાલી રહેલ કૌમી વીસંવાદીતા વીશેના 'માણસજાત, માણસજાત' નાટકની સ્ક્રીપ્ટને હીન્દીમાં ભાષાંતરીત કરી એમને રહીર્સલ કરાવતાં કરાવતાં જ તાલીમ આપવાનો નીર્ણય કર્યો. એમને એ નાટક 'ફની' લાગતું હતું. પણ તાલીમનો ભાગ હોવાથી એ લોકો એના દ્વારા શેરીનાટક વીશે શીખવા તૈયાર થઇ ગયાં.

નાટકના અંતીમ દૃષ્યમાં બંને કૌમનાં ગરીબો હીન્દુ-મુસ્લીમની સામસામી છાવણીમાં વ્હેંચાઇ પરસ્પર ઘુરકીયાં કરી રહ્યાં હોય છે અને એમને આવી છાવણીઓમાં વ્હેંચનાર નેતા જાતે હેલીકોપ્ટર ચલાવી ‘શાંતી અને ભાઇચારા’નો સંદેશ આપવા આવે છે. તે સમયે કેન્દ્રમાં રાજીવ ગાંધીની સરકાર હતી. અને રાજીવ ગાંધી એક સમયે પાયલટ હતા. કશ્મીરી વીદ્યાર્થીઓએ વીરોધ કર્યો આ દૃશ્યનો. એમને રાજીવ ગાંધી અત્યંત પ્રીય હતા. તેમણે કહ્યું અમે પાકીસ્તાનના લશ્કરી પ્રમુખ ઝીયા ઉલ હક્કને હેલીકોપ્ટર લઇને આવતા બતાવીએ, રાજીવ ગાંધીને નહીં. અમે એમને નાટકના સ્થળ-કાળનો મુદ્દો સમજાવવા કોશીશ કરી. પણ વ્યર્થ!

તેઓએ ઝીયાને જ આવતા બતાવ્યા.

બરાબર એક વર્ષ પછી. એ ગ્રુપ બીજા વર્ષના અભ્યાસ દરમીયાન ફરી અમદાવાદની ‘સ્ટડી ટુર’ પર આવ્યું. અમે એમને થોડા કલાક માટે મળ્યા. જુથનાં આંતરીક પરીમાણો તદ્દન ઉલટાઇ ચુક્યાં હતાં. શીયા-સુન્ની એક થઇ ગયા હતા અને હીન્દુ-મુસ્લીમોના વાડા અળગા થઇ ચુક્યા હતા. અમે કારણ સમજવા મથામણો કરી. મોટાભાગના એ ચર્ચા કરવા નહોતા ઇચ્છતા. જે ત્રણ-ચાર જણે થોડીઘણી વાત કરી એના પરથી સમજાયું કે, એમની ‘કશ્મીરી’ તરીકેની ઓળખમાં ઉભી તીરાડ પાડવાનું કામ ભારતનાં હીન્દુ અંતીમવાદી સંગઠનોએ અને પાકીસ્તાનનાં મુસ્લીમ અંતીમવાદી સંગઠનોએ જોરશોરથી શરુ કરી દીધું હતું. માત્ર એક જ વર્ષ પછીની મુલાકાત અને કશ્મીરી યુવાઓમાં પુરેપુરી વીભાજીત થવાના આરે આવીને ઉભેલી ‘કશ્મીરીયત’ની ઓળખ!

શું કહીશું આને ? સંસ્કૃતીની કમાલ ? કે રાજનીતીની કમાલ ?





**અનુભવ-8**

## પણ અમારા ગામમાં તો....

1992નું વર્ષ. અમદાવાદની પ્રતીષ્ઠીત ગણાતી ‘સેન્ટ ઝેવીયર્સ કોલેજ’. કોલેજમાં અભ્યાસ માટે આવતાં અમદાવાદ શહેર, જીલ્લા તથા ગુજરાતના આદીવાસી તેમજ ગ્રામીણ વીસ્તારોમાંથી આવતાં દલીત, આદીવાસી અને લઘુમતી સમુદાયોના વીદ્યાર્થી યુવક-યુવતીઓના વ્યક્તીગત અને સર્વાંગી વીકાસ માટે શરુ થયેલ ‘જાગ્રત’ કાર્યક્રમ. એ કાર્યક્રમના સંયોજનની જવાબદારી અમારી હતી.

જુન માસથી જ એ સમુદાયોવાળા વીદ્યાર્થી ભાઇ-બેનો સાથે અમારો સંપર્ક શરુ થયો હતો. જુલાઇ માસમાં જ કોલેજે વીજ્ઞાન મહોત્સવ યોજવાની જાહેરાત કરી. ત્રણ દીવસના એ મહોત્સવમાં ઝેવીયર્સ ઉપરાંત શહેરની બીજી કોલેજો-શાળાઓનો વીદ્યાર્થીગણ પણ સામેલ થવાનો હતો. ત્રણેય દીવસ વ્હેલી સવારથી મોડી રાત સુધી ચાલનાર એ મહોત્સવમાં વીજ્ઞાનસંબંધી પ્રદર્શનો, સ્પર્ધાઓ, ક્વીઝ પ્રોગ્રામ્સ વગેરેની સાથે સાથે અંતીમ દીવસે વીજ્ઞાન સંબંધી સાંસ્કૃતીક કાર્યક્રમ પણ આયોજીત થવાનો હતો.

‘જાગ્રત’ સાથે સંકળાયેલ વીદ્યાર્થીઆલમમાંથી માત્ર એક જ વીદ્યાર્થી યુવક આ વર્ષે ફર્સ્ટ ઇયર બી.એસ.સી. માં અભ્યાસ કરવા જોડાયેલો હતો. એ ઉત્સાહી અને પ્રતીભાશાળી યુવાન આદીવાસી હતો. અમે ‘જાગ્રત’નાં તમામ યુવાસાથીઓ સમક્ષ વીજ્ઞાન મેળાના સાંસ્કૃતીક કાર્યક્રમમાં ભાગ લેવા માટેનો પ્રસ્તાવ મુક્યો. લગભગ તમામના મનમાં ડર હતો. આપણે શહેર, ઉપલા મધ્યમ વર્ગના વીદ્યાર્થી ભાઇ-બેનોના કાર્યક્રમ વચ્ચે આપણું નાટક કે નૃત્ય કે ગીતો કઇ રીતે રજુ કરી શકીએ ?

ક્યાં એ લોકો અને ક્યાં અમે ? ક્યાં વીજ્ઞાન અને ક્યાં અમારી જીંદગી, અમારો સમાજ?

અમે ધીરજપુર્વક એમને સંમત કરવાના પ્રયાસો ચાલુ રાખ્યા. છેવટે પંદરેક જેટલાં આદીવાસી યુવક-યુવતીઓ તૈયાર થયાં. અમે વીજ્ઞાન અને એમના જીવન વચ્ચેના સંબંધ વીશેનું નાટક તૈયાર કરવાનું નક્કી કર્યું.

કોલેજ પછીના સમયમાં એમની સાથે ચર્ચાઓ શરુ થઇ. એમને લાગતું હતું કે, વીજ્ઞાન તો શહેરી લોકોની સગવડો અને એશોઆરામ માટે જ છે. અમારી જીંદગીમાં કે અમારાં ગામોમાં તો વીજ્ઞાન કોઇ ભુમીકા જ નથી ભજવતું. એમની આ માન્યતામાં વજુદ હતું. લગભગ અઠવાડીયા સુધીની ચર્ચાઓમાંથી નાટકનું મુળગત વીષયવસ્તુ નક્કી થઇ ગયું. અમે સૌએ સાથે મળીને નાટકનું એક માળખું પણ તૈયાર કર્યું. એના આધારે સાથી સરુપબેને એક ચોટદાર નાટક લખી આપ્યું. જેનું નામ અમે આપ્યું –'ક્યાં છે વીજ્ઞાન?'

નાટકના પ્રથમ દૃષ્યમાં શહેરી કોલેજમાં આવી અભ્યાસ કરતું આદીવાસી વીદ્યાર્થી કોરસ તખ્તા પર હાંફળું ફાંફળું ઘુમતું કશુંક શોધી રહ્યું છે. દરેકની શોધવાની ગતીમાં શીથીલતા અને કોરસના દીલમાં નીરાશા આવતી જાય છે; કેમકે તેઓ શોધી રહ્યાં છે - વીજ્ઞાન. પણ એમને ક્યાંયથી હાથમાં આવતું નથી. એમને લાગે છે કે, વીજ્ઞાન તો પ્રયોગશાળામાં જ છે, પુસ્તકોમાં છપાયેલું છે, શીક્ષકોના ભેજામાં છે. આપણી આસપાસ કે જીવનમાં તો ક્યાંયે નથી.

ત્યાં જ એક ગેબી અવાજરુપે અદૃષ્ય વીજ્ઞાન પ્રગટ થાય છે અને આદીવાસી કોરસને પોતાની મોજુદગીની ખાતરી કરાવવા કહે છે-

''તમારા ઘરની ચકલી ચાલુ કરો... હું તમારા ઘરમાં પાણી લાવીશ''

''પણ અમારા ઘરમાં તો ચકલી જ નથી. અમારી માતાઓ-બેનો તો ગાઉ ગાઉ દુર નદી, તળાવમાં પાણી લેવા રોજ જાય છે''.

''લાઇટની બત્તી પાડો, હું તમારા ઘરમાં વીજળી લાવીશ''.

''પણ અમારા ગામમાં તો વીજળી જ નથી. અમે તો દીવા અને ફાનસથી અજવાળું કરીએ છીએ''.





આમ થોડા સવાલ-જવાબો ચાલે છે. છેવટે વીજ્ઞાન માને છે કે, કોરસની વાત સાચી છે. એ લાચાર સ્વરે કહે છે કે, હું તો કેદ થયેલું છું. મારે તો મારા માલીકો કહે એમ જ કરવું પડે છે. મને તો મારા જન્મની સાથે જ ગુલામ બનાવી દેવાયું છે !

''કોણે બનાવ્યું છે તને બંદી? ગુલામ?'' કોરસનો પ્રશ્ન.

અને વીજ્ઞાન શરુ કરે છે પોતાના જન્મ અને વીકાસની ગીત કથા. તખ્તાના એક ખુણેથી એક કોરસ ગીતકથા જીવંત સંગીત સાથે રજુ કરવા માંડે છે અને બાકીનું કોરસ એના મુજબ દૃશ્યો ખડાં કરતું જાય છે.

માણસની આદીમ અવસ્થાથી ગીતકથા શરુ થાય છે. પછી પ્હેલીવાર ચકમક પથ્થર વડે અગ્ની અસ્તીત્વમાં આવે છે અને પ્રાથમીક વીજ્ઞાન અને માનવ સભ્યતાના પ્રાથમીક વીકાસની શરુઆત થાય છે. ધીરે ધીરે વીકસીત સભ્યતા વીજ્ઞાનની મદદથી પૈડાંની શોધ કરે છે અને ત્યાં જ એ વીકસીત માનવસભ્યતાની ત્રણ તાકાતો - બળ, બુધ્ધી અને ધન - પોતાનાં સ્વાર્થ અને હીતોના વીકાસ માટે વીજ્ઞાનને સાથે મળીને એ પૈડાંમાં બંદી બનાવી, પોતાની કઠપુતળી બનાવી દે છે.

સભ્યતા અને વીજ્ઞાનના વીકાસનાં સુત્રો ઉપર પેલાં ત્રણની સત્તા નીરંકુશ બનતી જાય છે અને એ બંનેના વીકાસની દીશા ફંટાઇ જાય છે. સભ્યતા અસમાનતા અને શોષણની દ્યોતક બનતી જાય છે અને વીજ્ઞાન શોષણ, અત્યાચાર અને વીનાશો સર્જવા ભણી વીકસતું જાય છે. અને છેવટે અણુબોમ્બ બનીને તે મહાવીનાશનું અચુક શસ્ત્ર બની છે, વીસ્ફોટે છે.

અભીનય કોરસ ચોતરફ લાશો બનીને પડ્યું છે. વીજ્ઞાનની ગીતકથા પુરી થાય છે. ફરીથી આદીવાસી વીદ્યાર્થીગણ. વીજ્ઞાન અંતે એમને અદશ્ય રહીને એટલું જ કહે છે કે,

''મને છોડાવો... આ કેદમાંથી... હું તમારા જીવન અને ગામમાં આવીશ... તમે મને જોઇ શકશો... અનુભવી શકશો...!

માત્ર પચીસ મીનીટના આ નાટક દ્વારા આદીવાસી યુવાઓએ અમદાવાદની શાળા-કોલેજોમાં ભણતાં -ભણાવતાં ‘ભદ્ર સમાજ’ને પોતાનાં ગીત, સંગીત, અભીનય વડે વીજ્ઞાન વીશેના પાયાના સવાલો વીશે ગંભીરતાથી વીચારવા મજબુર કરી દીધો. સમગ્ર ત્રણ દીવસના વીજ્ઞાન મેળામાં એ વર્ગના યુવાઓ બાળકોની વીજ્ઞાન સંબંધી ગતીવીધીઓ, કવાયતો સામે અંતીમ સંધ્યાના સાંસ્કૃતીક કાર્યક્રમમાંના આ નાટક વડે એક મુળગત પ્રશ્નાર્થ ખડો કરી દીધો.

અને આ પ્રશ્નાર્થ માત્ર વીજ્ઞાન સંબંધી જ નહોતો, માનવસભ્યતા સંબંધી પણ હતો.

સાથીઓ, વીજ્ઞાનની જેમ જ થીએટર પણ જો શોષકોની ચુંગાલમાંથી છુટીને શોષીતોના જીવન સુધી પહોંચે કે પછી શોષીતો જો એને શોષકોની ચુંગાલમાંથી છોડાવી પોતાનું ગુલામ બનાવવાને બદલે, સમાજમાં સૌના વીકાસ માટે મુક્ત - આઝાદ કરી દે તો?

*(ટાઈટલ - 4 પરથી ચાલુ.....)*

- **નાટ્ય ચીંતન અને અભ્યાસ લેખો**

  લેખકના અનેક લેખો ગુજરાતી, હીન્દી, અંગ્રેજી નાટ્ય વીષયક અને સંસ્કૃતી વીષયક પ્રાદેશીક અને રાષ્ટ્રીય પત્રીકાઓમાં પ્રકાશીત થયેલ છે. જેના મુખ્ય વીષયો છે-

  ૧. થીએટર સેન્સરશીપ

  ૨. આધુનીક ગુજરાતી રંગભુમી

  ૩. શેરીનાટ્ય સ્વરુપ.

  આ ઉપરાંત ગુજરાતી દૈનીકોમાં સાપ્તાહીક રંગભુમી વીશેની કૉલમો

  (૧) સમભાવ (૨) નવગુજરાત ટાઈમ્સ

- **સ્થાનીક અને રાષ્ટ્રીય સંગઠનો સાથે સક્રીયતા**

  ૧. સંવેદન સાંસ્કૃતીક મંચ

  ૨. દર્શન

  ૩. ઈન્ડીયન સૉશીયલ એક્શન ફોરમ (ઈન્સાફ)

  ૪. ન્યુ સોશીયાલીસ્ટ ઈનીશીયેટીવ (એન.એસ.આઈ)

- થીએટર સેન્સરશીપ અને અભીવ્યક્તી સ્વાતંત્ર્ય માટેના સ્થાનીક અને રાષ્ટ્રીય સ્તરનાં આંદોલનો સાથે લેખક સક્રીય કર્મશીલ તરીકે સંકળાયેલ છે.



## લેખકનો પરીચય

- **નામ** : હીરેન ગાંધી
- **જન્મ** : 1957
- **અભ્યાસ** : બી.કોમ - ડીપ્લોમા ઈન ડ્રામા – ડીપ્લોમા ઈન જર્નાલીઝમ
- **વ્યવસાય** : પ્રતીબધ્ધ સાંસ્કૃતીક કર્મશીલ, નાટ્ય લેખક; દીગ્દર્શક; ચીંતક; તાલીમકર્તા.
- **મહત્વનાં તખ્તાનાં નાટકો**

  1. ઈતીહાસની બીજી બાજુ
  2. રાજપરીવર્તન
  3. મારીચ સંવાદ
  4. સુનો, નદી ક્યા કહતી હૈ?
  5. ઘર-એક સપના
  6. હમ

- **મહત્વનાં ખુલ્લા મંચનાં નાટકો**

  1. માણસજાત-માણસજાત
  2. જીવતરના વેપારને રોકો
  3. દીલમાં છે એક આશ
  4. ઐસા ક્યોં?
  5. ધીરે હૈ હમ સવાલ સે
  6. ફીર ભી

*(અનુસંધાન - ટાઈટલ - ૩)*